
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ









ઓક્ટોબર - ૨૦૧૫ અંક - ૧૦ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૨૪
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# આભાર.... આભાર.... આભાર...

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. લલીતાબેન છગનલાલ મિસ્ત્રી**

**જન્મ તા. : ૦૭.૦૩.૧૯૨૫ સ્વર્ગવાસ ૧૧.૦૯.૨૦૧૪**

એલ.સી. સોશ્યલ ગ્રુપ તરફથી નવસારી મુકામે સ્વર્ણિમ ફંડ માં રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) પાંચ વર્ષમાં સ્વ. સી.ટી.સ્મારક નિધિને આપવાની જાહેરાત (માત્ર શૈક્ષણિક હેતુ માટે વ્યાજ વપરાશ ફંડ માટે) કરવામાં આવેલ એ પૈકી રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) સ્વ. સી. ટી. સ્મારક નિધિને મળ્યા છે... હ. હેમંતભાઈ સી. મિસ્ત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને સ્વ. સી. ટી. સ્મારક નિધિ ઉપરોકત મળેલ દાન બદલ દાતાઓ પ્રતિ હાર્દિક આભારની લાગણી વ્યકત કરે છે.. તથા એલ.સી. ગૃપના પ્રણેતા દાતા સ્વ. લલીતાબેન છગનલાલ મિસ્ત્રીની પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી અર્પે છે...

શ્રી મનિષભાઈ મોહનલાલ પંચોલી-પ્રમુખ
શ્રી રાજેશભાઈ ધીરજલાલ પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી-અધ્યક્ષ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મંત્રી
સ્વ. સી. ટી. સ્મારકનિધિ

**એલ.સી. સોશ્યલ ગૃપ**



સ્વ. છગનલાલ ત્રિ. મિસ્ત્રી

L.C.S.G. 2006
Lalitaben Chhaganlal (L.C.) Social Group



સ્વ. લલીતાબેન સી. મિસ્ત્રી


**: પ્રમુખ :**
શ્રી હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી
Mo. : 99242 11022
Email : hemmistry@gmail.com

**: મંત્રી :**
શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
Mo. : 98250 81359

**: ખજાનચી :**
શ્રીમતિ ભારતી હેમંતકુમાર મિસ્ત્રી
Mo. : 97147 99022

૨૦૧, 'ગુરૂસ્મૃતિ' સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટર પાછળ, અથવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૭

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. લલીતાબેન છગનલાલ મિસ્ત્રી**

**જન્મ તા. : ૦૭.૦૩.૧૯૨૫ સ્વર્ગવાસ ૧૧.૦૯.૨૦૧૪**



એલ.સી. સોશ્યલ ગૃપ ના પ્રણેતા દાતા
**સ્વ. લલીતાબેન છગનલાલ મિસ્ત્રી**ની પ્રથમ પૂણ્યતિથિએ
શ્રીમતિ ભારતીબેન તથા શ્રી હેમંતભાઈ છગનલાલ મિસ્ત્રી તરફથી
એલ.સી. ગૃપને રૂા. ૧,૦૦,૦૦૦/-નું દાન મળે છે... આ સાથે તેઓ
તરફથી કુલ રૂા. ૫,૧૧,૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે....
દાતાનો ખૂબ ખૂબ આભાર......



## એલ.સી. સોશ્યલ ગૃપ

L.C.S.G. 2006

Lalitaben Chhaganlal (L.C.) Social Group



**સ્વ. છગનલાલ ત્રિ. મિસ્ત્રી** **સ્વ. લલીતાબેન સી. મિસ્ત્રી**


**: પ્રમુખ :**
શ્રી હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી
Mo. : 99242 11022
Email : hemmistry@gmail.com

**: મંત્રી :**
શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
Mo. : 98250 81359

**: ખજાનચી :**
શ્રીમતિ ભારતી હેમંતકુમાર મિસ્ત્રી
Mo. : 97147 99022

૨૦૧, 'ગુરૂસ્મૃતિ' સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટર પાછળ, અથવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૭

# દશમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. અંજના જયેશભાઈ મહેતા
જન્મ : ૧.૩.૧૯૬૩ સ્વર્ગવાસ : ૨૮.૮.૨૦૦૫



**સ્વ. અંજના જયેશભાઈ મહેતાની દશમી** પૂણ્યતિથિએ શ્રીમતિ ભારતીબેન, મૃદૃતા અને શ્વેતા હેમંતભાઇ મિસ્ત્રી તરફથી એલ.સી. ગૃપને રૂા. ૨૧,૦૦૦/-નું દાન મળે છે... દાતાનો ખૂબ ખૂબ આભાર......

## એલ.સી. સોશ્યલ ગૃપ

Lalitaben Chhaganlal (L.C.) Social Group

**: પ્રમુખ :**
શ્રી હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી
Mo. : 99242 11022
Email : hemmistry@gmail.com

**: મંત્રી :**
શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
Mo. : 98250 81359

**: ખજાનચી :**
શ્રીમતિ ભારતી હેમંતકુમાર મિસ્ત્રી
Mo. : 97147 99022

૨૦૧, 'ગુરૂસ્મૃતિ' સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટર પાછળ, અથવાલાઈન્સ, સુરત ૩૯૫ ૦૦૭

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## ઓક્ટોબર-૨૦૧૫

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક કિંમત** – **૧૦/–**

**વાર્ષિક લવાજમ** – **૧૦૦/–**

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

વિઘ્નહર્તા ગણેશજીની વિદાય અને પિતૃતર્પણના શ્રાદ્ધપક્ષ ની શરૂઆત નવયુગ મળશે ત્યારે થઇ ગઇ હશે... એક હિંદુ સમાજ જ એવો છે કે જે વર્ષમાં એકવાર પોતાના પિતૃઓને યાદ કરે છે અને તેમને તર્પણ પણ કરે છે... મૃતાત્માની શાંતિ અર્થે દાન ધર્મ કરે છે... સારી વાત છે.... અને એ આપણી સંસ્કૃતિ છે... જો આપણે મૃતાત્માને પણ રાજી કરવાની ભાવના રાખતા હોય તો આ શ્રાદ્ધપક્ષમાં દાન કરી નવયુગની ઝોળી પણ છલકાવી દેવી જોઇએ..

'અતિથિ દેવો ભવ' આંગણે આવેલનો સત્કાર એ આપણી સંસ્કૃતિ છે... પરતુ નવયુગ તમારે દ્વારે આવે અને પાછુ ફરે એ સારી વાત ન કહેવાય... અને નવયુગ દરેક જ્ઞાતિજનોના ઘરે પહોંચે એવા મારા તથા મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇના પ્રયત્નો છે... નવયુગ દરેક ને મળે.. કયાં નવયુગનું ૨૫ પૈસાનું પોષ્ટીગ અને અત્યારે ૫ થી ૧૦ રૂા ખર્ચ કરવા પણ પ્રમુખશ્રી તૈયારી બતાવે છે... તો એ માટે આપણી તૈયારી કેવી હોવી જોઇએ ?.... વારે વારે જાહેરાત માટે વિનંતીઓ કરવાની ! બે થી ત્રણ નવયુગમાં જાહેરાત માટે ફોર્મ છાપવાના અને તા. ૩૦.૯.૧૫ જાહેરાત મોકલવાની છેલ્લી તારીખ આપવા છતાં ફક્ત દશેક હજારની પણ જાહેરાત ન આવવી એ શું બતાવે છે ? આપણો નવયુગ પ્રત્યેનો પ્રેમ ? કે આપણી નવયુગ પ્રત્યેની ફરજ ?

જ્ઞાતિજનો આપ સમજુ છો... સંસ્કારી છો... સુશિક્ષિત છો.. આશા રાખું છું કે આ નવયુગ મળે ભલે વરસાદ આપણી સાથે આંખમિચોલી રમતો હોય પણ મારા જ્ઞાતિજનો જાહેરાતનો ધોધમાર વરસાવી દેશે એવી આશા અસ્થાને નથી જ.. બીજુ જણાવવાનું કે હમણાં કેટલાક સમયથી નવયુગ અનિયમિત થઇ ગયું છે... સમયસર પ્રકાશિત નથી કરી શકતા... એનું કારણ છે પ્રેસમાં કારીગરોની તકલીફ... અત્યારે નવયુગ બહાર છપાવીને પોષ્ટ કરીએ છીએ આથી અનિયમિત બન્યા છે.. હજી પણ આ પ્રોબ્લેમ યથાવત છે ત્યારે દિપોત્સવી અંકનું મસમોટું કાર્ય સમયસર કરવા માટે તા. ૧૫.૧૦.૧૫ સુધીમાં જેની જાહેરાત આવશે તેને દિપોત્સવી અંકમાં સ્થાન મળશે. ત્યાર પછીઆવેલી જાહેરાતને પછીના અંકમાં સ્થાન પ્રાપ્ત થશે... આ બાબત અવશ્ય ધ્યાનમાં રાખી સવેળા જાહેરાત મોકલી આપવા વિનંતી છે...

અમારો એડ્રેસ પોગ્રામમાં પીનકોડ જરૂરી છે આથી દરેક

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપનો પિનકોડ તથા એડ્રેસ અવશ્ય જાણ કરે આથી અધુરા એડ્રેસ અને પીનકોડ વગર રીટર્ન થતા નવયુગનો પોષ્ટીગ ચાર્જ માથે ન પડે... બીજુ અમુક એડ્રેસો અધુરા પણ છે આથી જેમને નવયુગ ન મળતા હોય એ પત્ર દ્વારા પોતાનું એડ્રેસ પીનકોડ નંબર સાથે જણાવે.. તમારે ત્યાં આવતા નવયુગમાં તમારો પીનકોડ ખોટો હોય તો એ પણ જાણ કરશો.... જિલ્લા બદલાયા હોય તો એ પણ જાણ કરશો... તમારા સબંધીને નવયુગ ન મળતુ હોય તો એમને પણ જાણ કરી પત્ર લખવા કહેશો...

અંતમાં દો કદમ તુમ ભી ચલો.....

દો કદમ હમભી ચલે....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી

ભાવના મલયકુમાર મિસ્ત્રી-સહતંત્રી

પંચોલી નવયુગ

## પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો ,

હિન્દુ ધર્મનાં આરાધ્ય દેવ ગણેશજીનાં ઉત્સવને સૌ જ્ઞાતિજનો એ માણ્યો, હવે નવલી નવરાત્રીનાં આગમનની રાહ આપણે સૌ જોઇ રહ્યા છીએ.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા અને શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઇ આયોજીત 'સમૂહલગ્ન' આગામી તા. ૩૧.૦૧.૨૦૧૬ નાં રોજ વ્યારા મુકામે કરવાનું આયોજન કરેલ છે. આ સમયગાળા દરમ્યાન જે જ્ઞાતિજનો નાં લગ્ન થવાનાં હોય તેવા ઉમેદવારોને આ સમૂહલગ્ન માં જોડાવવા માટે વિનંતી કરૂ છું. દરેક એકમનાં હોદ્દેદારો આ સમૂહ લગ્ન માં વધુ યુગલો જોડાય એવા પ્રયત્નો હાથ ધરશો એવી વિનંતી કરૂ છું.

દિવાળીનો તહેવાર નજીક આવી રહયો છે. સમાજનાં દર્પણ એવા નવયુગમાં ચાલુ સાલે વધુ જાહેરાતો આપી નવયુગને મદદરૂપ થવા વિનંતી કરૂ છું. સુરત, વડોદરા અને મુંબઇ જેવા શહેરો માં પ્રથમ પ્રોજેક્ટ તરીકે આપણે પોષ્ટ દ્વારા નવયુગ મોકલવા નો પ્રયત્ન કરી રહયા છે જેથી પાછળ પોસ્ટેજ ખર્ચ પણ વધશે મને આશા છે કે આવા મોટા એકમો જરૂરથી નવયુગને મોટા પ્રમાણમાં જાહેરાત આપી મદદરૂપ થઇશું. જ્ઞાતિજનો ને વિનંતી કે આપણે આપણી જાહેરાતો આપીએ સાથે આપણા સર્કલમાં આવતાં વેપાર-ધંધા ની જાહેરાત મેળવીને પણ નવયુગને આપીએ તો નવયુગ પાછળ થનાર ખર્ચને આપણે સરભર કરી શકીશું. નાના-મોટા એકમનાં સૌ જ્ઞાતિજનો જાહેરાત આપે એવો અનુરોધ કરૂ છું. જો આપણા એકમમાં કોઇ નવયુગ ની જાહેરાત લેવા માટે કાર્યકર મિત્રો ન આવે તો તમારી જાહેરાત ઇ-મેલ થી મોકલશો અને જાહેરાત ની રકમ સીધી નવયુગનાં એકાઉન્ટમાં જમા કરાવશો. આ અંગે ની વિગતો નવયુગ માં આવે છે. આપણે સૌ નવયુગ ને મદદરૂપ થવા જાહેરાત આપીએ અને બીજી જ્ઞાતિની જાહેરાતો ભેગી કરી આપીએ. સ્વયં ગૃપ તથા મહીલા મંડળ પણ ઉત્સાહ રાખી નવયુગ ને મદદરૂપ થવા વધુ ને વધુ જાહેરાતો ભેગી કરી આપે એવો અનુરોધ કરૂ છું.

મહામંડળનાં સ્વર્ણિમ ફંડ માં દર વર્ષે ફાળો આપનાર જ્ઞાતિજનો ની બાકી રકમ સત્વરે જમા કરાવવા વિનંતી કરૂ છું સ્વર્ણિમ ફંડ માં દરેક એકમ માંથી વધુ ને વધુ જ્ઞાતિજનો સહભાગી બને તે માટે અપીલ કરૂ છું દરેક એકમનાં મહિલા મંડળ, સ્વયંમ ગૃપ તથા હોદ્દેદારો પણ આ યોજના માં જોડાય અને સહભાગી બને તે માટે વિનંતી કરૂ છું મિત્રો આપણે ફક્ત વાર્ષિક રૂા. ૧૦૦૦/- ની રકમ મહામંડળ ને મદદ માં આપવાની છે આ નાની રકમ જ્યારે ભેગી થઇ મોટી થશે તો આપણે આપણા જ્ઞાતિનાં જરૂરિયાતમંદોને સારી મોટી રકમની સહાય કરી શકીશું આશા રાખુ છુ કે આપ આપનો ફાળો સત્વરે જમા કરાવવો આ ફાળો બેંક ઓફ બરોડા, વ્યારા શાખામાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રી શ્રી રાજેશભાઇ ડી. પંચોલી, વ્યારા ને જાણ કરશો. સમાજ સુરક્ષા યોજના ની મિટીંગનું આયોજન આપણે સુરત મુકામે ૧૩ ડિસેમ્બર-૨૦૧૫ના રોજ કરનાર છે. જેમાં વધુ ને વધુ સભ્યો હાજર રહે એવી વિનંતી કરૂ છું. જે જ્ઞાતિજનો સમાજ સુરક્ષા યોજનાનાં સભ્યો થવાનાં બાકી છે તેવા જ્ઞાતિજનો સત્વરે આ યોજના માં જોડાય એવી વિનંતી કરૂ છું.

સમૂહ લગ્ન ને સફળ બનાવી સમાજનાં કુરિવાજો ને તિલાંજલી આપીએ આવો આપણે સૌ ભેગા મળી આદર્શ, તંદુરસ્ત અને સુશિક્ષિત સમાજ નાં નિર્માણમાં સહભાગી બનીએ.

અસ્તુ.

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્રભાઇ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર



નામ : **ચિરાગ**
પિતા : હેમંતકુમાર જગદીશચંદ્ર પંચોલી
માતા : ઈલાબેન
જન્મ તા. : ૭.૯.૧૯૯૦ સમય : સવારે ૬.૩૦ કલાકે
સ્થળ : સુરત ઉંચાઇ : ૫'' ૪'
અભ્યાસ : Diploma Automobile Engg.
સર્વિસ : Kiran Motors (Assi. Service Manager & Training Manager) Pal-Surat
જન્માક્ષરમાં માનીએ છીએ. મંગળ/શની નથી.
ઘરના સભ્ય : એક બહેન - મેરીડ
વેજ/નો.વેજ : વેજીટેરીયન
એડ્રેસ : ૪૬, ગીરધરદ્વાર સો.-૪, નિતીનનગરની બાજુમાં, યુનીવરસીટી રોડ, ભટાર, સુરત - ૩૯૫ ૦૧૨.
ફોન : ૦૨૬૧-૬૫૩૪૯૧૬
મો. : ૮૪૬૦૦ ૦૭૪૩૭ / ૯૫૧૦૧ ૧૦૦૦૫



Name : **Vaibhavi**
Birth Date : 22-5-1993 Birth Place : Surat
Time : 5:55 AM Hight : 5'3"
Education : B.com (Bachelor of Commerce)
M.com (Master of Commerce)
Sister : 01 sister
Father : Harish shantilal pancholi
Mother : Mamtaben
MO. : 9228040018 , 8758034422
Add : 5/595, Kaivlam, Pancholiseri, Haripura, Surat

## અમારા તેજસ્વી તારલા....



**ચિ. ચૈતન્ય દિવ્યેશકુમાર મહેતા**
SSC. : ૮૧% (૯૭.૭ પર્સન્ટનટાઇલ) સાથે ઉત્તિર્ણ
સંગીત : ઉપાન્ત્ય વિશારદ (ગાયન) પ્રથમશ્રેણી



**ચિ. તપસ્યા હર્ષેશકુમાર મહેતા**
શ્રેણી-૬ : ૯૮% (A+) સાથે ઉત્તિર્ણ
સંગીત : (હારમોનિયા વાદન) વિશેષ યોગ્યતા સાથે પ્રથમ વર્ષ ઉત્તિર્ણ..



**ચિ. મોક્ષ હર્ષેશકુમાર મહેતા**
**શ્રેણી-૬** : ૯૭.૩૬ (A+) સાથે ઉત્તિર્ણ
**સંગીત** : પ્રારંભિક (તબલા)પ્રથમશ્રેણીમાં ઉત્તિર્ણ.
**કરાટે** : RED-I ઉત્તિણ, જિલ્લાકક્ષામાં તથા રાજયકક્ષામાં ફાયટીગ સ્પર્ધક તરીકે સિલેકશન

અમારા ત્રણેય તેજસ્વી તારલાઓની પ્રગતિને આભ પણ ઓછું પડે......
**શુભેચ્છક :** દિપકભાઈ એમ. જયો.ભાષ્કર - મંજુલાબેન
હર્ષેશકુમાર-ભાવિકાબેન, દિવ્યેશકુમાર રશ્મિબેન તથા ચિ. ધૈવત
બીલીમોરા

## શ્રદ્ધાંજલી



**સ્વ. જશવંતીબેન ઠાકોરભાઈ પંચોલી**
દેહવિલય : તા. ૧૮.૦૮.૨૦૧૫

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

**અર્પણકર્તા**
ગીરીશચંદ્ર ટી. પંચોલી ઉષાબેન જી. પંચોલી
દિપેશકુમાર જી. પંચોલી મયુરીબેન ડી. પંચોલી
ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી
ભાવનાબેન જયંતિલાલ મિસ્ત્રી
ખઈઈબજીપલ તુલસીવન, છાપરારોડ, નવસારી
મો. : 98792 30181

નવયુગ શુભચિંતક સ્વ. વાડીલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી નગીનલાલ હિમંતલાલ પંચોલી છોટાઉદેપુર

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ વેબ સાઈટ

## www.pancholisamaj.org

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એટલે સમગ્ર પંચોલી સમાજને એક સુત્રે બાંધી એક બીજાને વધુ નજદીક લાવતી એક માત્ર સંસ્થા તેમાં પણ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત પંચોલી નવયુગ અને નવા જમાના મુજબ વેબસાઇટ એક બીજાના પુરક બની સમાજને નવી ઉંચાઇ અને નવી ટેકનોલોજી દ્વારા સાંકળી રહ્યા છે.

એક વધુ પગલા રૂપ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની માહિતી વધુ સરળતાથી મેળવી શકાય એ માટે આપણે સ્માર્ટ ફોન (એન્ડ્રોઇડ) માટે મોબાઇલ એપ બનાવવા જઇ રહ્યા છીએ.. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, નવયુગ તથા અન્ય તમામ સંલગ્ન સંસ્થાની માહિતી, જરૂરી સહાય માટેના ફોર્મ, સમાજના કોઇપણ મેમ્બરની માહિતી, સમાજની મિટીંગો કે ઇવેન્ટના એલર્ટ આપ જયાં હો ત્યાં મોબાઇલ પર મેળવી શકશો.

આપના સ્વજનોની યાદને કાયમ રાખવા સાથે સમાજને માટે કંઇક કરવાની આ તક ઝડપી અમોને સહકારની અનુભૂતી કરાવશો એવી અપેક્ષા. આપ નીચે મુજબ દાન આપી/અપાવી શકો છો.

રૂા. ૧૦,૦૦૦.૦૦/-ના એક એવા પાંચ દાતાઓ, આ તમામ દાતાઓના ફોટા વેબ સાઇટ પર એક પછી એક ફ્લેશ થાય એ રીતે અપલોડ કરવામાં આવશે. જે આગામી ત્રણ વર્ષ સુધી વેબ પર રહેશે. જો કોઇ એક જ દાતા તરફથી રૂા. ૫૦,૦૦૦/- મળશે તો તેઓનો ફોટો અને નામ એપ સાથે ફોન પર ૧૦ વર્ષ સુધી ડિસ્પ્લે કરવામાં આવશે.

ચેક શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ/Ac, વેબસાઇટના નામથી લખવા વિનંતી. અથવા ડાયરેકટ બેંક એકાઉન્ટમાં દાન જમા કરાવવા માંગતા દાતાઓને 16890110005316 UCO Bank, Surat એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી. જમા કરાવી અમોને જાણ કરશો..


શ્રી મનિષભાઇ મોહનલાલ પંચોલી-પ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-વેબ સાઇટ એકમીન     શ્રી પ્રતિક પી. પંચોલી- વેબ સાઇટ સબ એડમીન

pancholisamajmahamandal@gmail.com

૨૦૧, ગુરૂસ્મૃતિ, સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપીંગની પાછળ, પાર્લે પોઇંટ સુરત ૩૯૫ ૦૦૭


# Q - WEB ક્વીઝ

અમોએ તા. ૧૫ ઓગસ્ટથી વેબ સાઇટ વિશે સમાજના સભ્યોમાં જાગૃતિ આવે અને સૌ વેબ સાઇટથી પરિચિત થાય એવા આશયથી વેબસાઇટ આધારીત પ્રશ્નોત્તરી Q-Web શરૂ કરેલ છે. જેમાં આજ દિન સુધી અમોને અત્યંત સુંદર પ્રતિસાદ મળેલ છે. અને આ સીરીઝમાં બે પ્રશ્નો મુકાયા છે....

આમા ભાગ લેવા માટે આપના સ્માર્ટ ફોનથી Q-Web ટાઇપ કરી આપનો વોટસએપ નંબર તથા સીટીનું નામ મો.નં. 99292 11022 તથા 90335 69133 પર મોકલવાથી આપનો નંબર Q-Web પર રજીસ્ટર થશે. ત્યારબાદ આપ આ કવીઝમાં ભાગ લઇ શકશો. અને દર મહિને પેન ડ્રાઇવ, મેમરીકાર્ડ જેવા ઇનામો જીતી શકો છો....

ઓકટોબર મહિનાની કવીઝ દિવાળી કવીઝ હશે. જેમાં ૧.૧૦.૨૦૧૫ના રોજ પ્રથમ પ્રશ્ન પુછવામાં આવશે અને દિવાળી હોય ઇનામમાં ખાસ બોનસ ઇનામ પણ હશે... જેની જાહેરાત ગૃપમાં કરવામાં આવશે...

નિયમો :

૧. આ કવીઝ માત્ર પંચોલી સમાજના Q-Web પર રજીસ્ટર થયેલ સભ્યો પૂરતી મર્યાદિત છે.

૨. સામાન્ય સંજોગોમાં એક ઘરમાંથી એક સભ્ય મેમ્બર થઇ શકશે.

૩. અગાઉ ઘરમાંથી એક થી વધુ મેમ્બરશીપ આપવામાં આવેલી છે. તેમાં સભ્ય સંખ્યા ૧૦૦ સુધી પહોંચ્યા બાદ, વધારાના મેમ્બરની જગ્યાએ નવા સભ્ય લેવામાં આવશે.

૪. એક થી વધુ સાચા જવાબો મળશે તો વિજેતા ડ્રો દ્વારા નકકી કરવામાં આવશે.

૫. વિજેતાઓના નામ વેબ પર જાહેર કરવામાં આવશે.

૬. આ કવીઝ બાય મન્થલી એટલે કે સમગ્ર મહિના દરમ્યાન ૧-૨ કે ત્રણ પ્રશ્ન પુછવામાં આવશે અને તે તમામના મળેલ જવાબના આધારે જે-તે મહિનાના વિજેતાનું જાહેર કરાશે.

૭. નિયમોમાં વેબસાઇટ કમિટિ, મહામંડળ જરૂર જણાય ફેરફાર કરી શકશે.

૮. ઇનામ અને પ્રશ્ન બાબતે વેબસાઇટ કમિટિ, મહામંડળનો નિર્ણય આખરી ગણાશે..

તો ચાલો આજે જ આપનું નામ રજીસ્ટર કરાવો...


નવયુગ શુભચિંતક   શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી   છોટાઉદેપુર   શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી   છોટાઉદેપુર

# હું ગાડી ચલાવતાં શીખી(હાસ્ય કથા)

પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

અત્યાર સુધીના મારા બહોળા અનુભવ આધારે હું એ તારણ પર પહોંચી છું કે મને જે વિષયમાં નબળા શિક્ષક પ્રાપ્ત થયાં છે, તે વિષયમાં પ્રગતિ મેં સ્વયં સાધ્ય કરી છે. ગાડી ચલાવતાં શીખવાની બાબતમાં પણ આવું જ બન્યું. આમ તો જો કે મને કાર ડ્રાઇવિંગનો નાનપણથી જ અનુભવ. હું જયારે દશમા ધોરણમાં હતી, એ વખતે અમારે કામસર ઘણીવાર સુરતથી નવસારી જવાનું થતું. રસ્તામાં સચીન નામનું નાનકડું મજાનું ગામ આવે. જાણે બાપાના બગીચામાં ટહેલવા નીકળી હોય તેમ આ ગામની ગાય ભેંસ ગામના સાંકડા રસ્તા પર ફરવા નીકળતી.

જેમ ચૂંટણી સિવાય નેતાઓના કાન પર ગરીબ જનતાના દુઃખ-દર્દ ભર્યા પોકારો નથી પડતા, એજ રીતે મારી ગાડીનો વારંવાર વાગતો હોર્ન આ સહેલાણી ગાયો ભેસોના કાને પડતો નથી, અથવા તો સફળ રાજકારણીઓની જેમ એ બધી આ આવાજની પરવા કરતી નથી. છેવટે મારે જ મારી ગાડીની બ્રેક લગાવવી પડતી, અને તોય એમાની એકાદી તો પ્રેમથી મારી ગાડીને ભેટી જ પડતી. જાણે આજ તકની રાહ જોઇને બેઠો હોયતેમ, કયાંકથી ભરવાડ કે રબારી ગાય અને ગાડીના અદ્ભુત મિલન સ્થળે ઈર્ષાવશ દોડી આવતો અને સામે રહેલી પોલીસ ચોકીનો ડર બતાવીને ૫૦-૧૦૦ રૂપિયા પડાવતો. મને લાગે છે કે બકરો(બકરી) મુંડવાની આ પ્રક્રિયા રબારી અને પોલીસના સહકારથી જ ચાલતી હશે.

ખેર, આતો થઇ મારા ભવ્ય ભૂતકાળની વાતો, એ તો ઇતિહાસમાં જ શોભે, હાસ્યલેખમાં નહી. વળી મારા આ ભવ્ય ભૂતકાળના આધાર પર મને કારનું પાકું લાયસન્સ તો શું પણ કાચુ લાયસન્સ પણ મળે નહી. મારા ઘરે એક પ્રીમીયર પદ્મીની કારની પધરામણી થઇ હોવાથી મને પાકા લાયસન્સની ખાસ જરૂર હતી. આમ તો લાયસન્સ વગર ગાડી ચલાવી શકાય(ઘણાં એવું કરતાં પણ હોય છે) પણ એકસીડન્ટ કરવો હોય તો લાયસન્સ હોવું જરૂરી ખરું.

અમારી ગાડીનો વિમો હજી ઉતરાવ્યો નહોતો. તેથી ડ્રાઇવીગ સ્કૂલની ખટારા ગાડી પર ડ્રાઇવીગ શીખવું વધારે સારું. એમ મારા પતિદેવની મદદથી વિચારતાં મે ડ્રાઇવીગ સ્કૂલમાં મારું નામ નોંધાવ્યું. ૧૫ દિવસ સુધી તેઓ મારા માટે રોજ જોખમ લેવા તૈયાર થયાં. મિલ મજુરોને જેમ રોજ વેતન કાર્ડ ભરવું પડે છે, તેમ અમારે રોજ એક કાર્ડમાં સહી કરવી પડતી. સહી કરતી વખતે મને કાયમ એવી લાગણી થતી કે આ લોકો મારી પાસેથી લખાવી લે છે કે હું જે કંઇ પણ કરવા જઇ રહી છું તે, સંમ્પૂર્ણ સ્વસ્થતા પૂર્વક અને પુરેપુરી મારી જવાબદારીથી કરી રહી છું., હું નર્વસ થઇ જતી અને પછી સ્ટીયરીગ હાથમાં લેતા જ શરૂ થતી ભુલોની પરંપરા.

અન્ય સ્ટુડન્ટના સદ્નસીબે મને જે ઇન્સ્ટ્રકટર મળ્યો હતો તે અત્યંત ગુસ્સાવાળો અને સાક્ષાત દુર્વાસાના અવતાર સમો હતો. એના મો સામે જોઉ અને એણે આપેલી બધી સુચનાઓ ભુલી જાઉં. પહેલે દિવસે જ એણે મને સુચના આપતા કહ્યું 'જુઓ ડ્રાઇવરની સીટ પર તમે બેસો એટલે તમારે સજાગ રહેવાનું' મને નવાઇ લાગી કે શું એ એમ વિચારતો હશે કે ડ્રાઇવરની સીટ પર બેસીને હું ઉંઘી જઇશ ?

ત્યાર પછી એમણે ભઠ્ઠીમાં ધાણી ફુટે એમ ફટાફટ સુચનાઓ ફોડવા માંડી. 'પેલા (પહેલા) ગાડી નૂટલ(ન્યુટ્રલ) કરવાની. પછી કલચ(કલચ) દાબી ગાડી ફસ્ટમાં (ફર્સ્ટ ગીયરમાં) લેવાની. પછી સીગલ(સીગ્નલ) બતાડી ધીરે ધીરે કલચ છોડતાં જવાનુ અને ધીરે ધીરે એસ્કૂલેટર(એકસીલેટર) આપતા જવાનું ગાડી થોડી રનિંગમાં આવે પછી કલચ દાબીને એસ્કુલેટર છોડીને ગાડી સેકંડ (ગીયર)માં લેવાની, પછી એજ રીતે થર્ડ (ગીયર)માં લેવાની ને પછી ટોપ(ફોર્થ ગીયર)માં લેવાની, ચાર રસ્તા આવે તંઇ અગાડી (ત્યાં આગળ) ગાડી ધીમી કરવાની, હોર્ન મારવાનો, કલચ-બિરેક(બ્રેક) કરવાનાં હાથ બતાડવાનો, ગીયર ઓછું કરવાનુ, એસ્કુલેટર પરથી પગ લઇ લેવાનો, સ્ટિઅરીગ ફરાવવાનું ને પછી ગાડી વાળીને સીધી કરી દેવાની.

મશીન ગનમાંથી છૂટતી ગોળીઓની જેમ એના મોમાંથી નીકળતી સુચનાઓનો અમલ હું એકલી, એક સાથે કઇ રીતે કરી શકીશ એ વિચારે મેં એની સામે જોયું ત્યારે એણે છેલ્લી સુચના આપી. 'ગાડી ચલાવતી વખતે તમારે કાયમ અરીસામાં જોયા કરવાનું ' મને છેલ્લી સુચના ખૂબ ગમી ગઇ. એણે જયારે મને ગાડી ચલાવવા સોંપી ત્યારે ગાડી બે ત્રણ આંચકા ખાઇને ઉભી રહી અને બંધ પડી ગઇ. એણે ચિઢાઇને પુછ્યું 'આ શું કરો છો ?' મેં અત્યંત નિર્દોષભાવે કહ્યું 'ગાડી ચલાવું છું' પેલાએ વધારે ચિઢાઇને કહ્યું 'ગાડી ચલાવો છો કે બંધ પાડો છો ?' આમ તે વળી ગાડી ચલાવાતી હશે ? એસ્કુલેટર આઇપા વગર કલચ કેમ છોડી દે છો ?'

પછી ઘણી મહેનત ને અંતે હું એની સુચના મુજબ ગાડી ચલાવતા શીખી. પણ જેમ કોઇ સજી ધજીને જતી સુદરીને જોઇને જુવાનિયાઓ (૬૦ વર્ષ સુધીના) ઘડી ભર અટકીને એને જોઇ રહે. તેમ કાયમ ચાર રસ્તા પર સિગ્નલ જોઇને મારી ગાડી અટકી જતી. છેવટે જેમ-તેમ ટ્રેનિંગના ૧૫ દિવસ પુરા થયા. મેં અને પેલા ઇન્સ્ટ્રકટરે બન્ને એ એકબીજાથી 'હાશ છુટયા' એમ અનુભવ્યું.

છેલ્લે દિવસે જો કે એણે મને કહ્યું 'તમે કોઇને કહેતાં નહી કે તમે અમારી ઇસ્કુલમાં ડ્રાયવીગ શીખ્યા છો. પણ જ્યારે પાકુ લાયસંન્સની ટેસ્ટમાં હું પહેલાં જ પ્રયત્ને કોઇની મદદ વગર પાસ થઇ ગઇ અને મને પાકુ લાયસન્સ મળ્યું ત્યારે એને નવાઇ લાગી. પણ એ બિચારાને મારા કાર-ડ્રાઇવિંગના ભવ્ય ભૂતકાળના અનુભવ વિશે શું ખબર ? અને આવા ઇન્સ્ટ્રકટરને આવું બધુ કહીને ફાયદો પણ શું ? આજે તો હું બિંદાસ્ત, ભરચક ટ્રાફિકમાં કે હાઇવે પર ગભરાયા વગર અને કોન્ફીડન્સથી ગાડી ચલાવી શકું છું એજ મારા માટે તો કાફી છે....

**અંતમાં આજની જોક**

પત્ની : ડાર્લિંગ, આપણી ગાડીના કારબ્યુરેટરમાં પાણી ભરાય ગયું છે...

પતિ(ઓફિસમાંથી) : તો રીપેર કરાવી લેને.. બાય-ધ-વે ગાડી કયાં છે ?

પત્ની : તળાવમાં....

## શ્રીજી પધાર્યા અમ આંગણે......

**અંકલેશ્વર** : શ્રી છગનભાઇ આત્મારામ મિસ્ત્રી — દોઢ દિવસ

શ્રી મનોજકુમાર રમેશચંદ્ર પંચોલી — પાંચ દિવસ

**વડોદરા** : શ્રી જયરાજભાઇ એ. પંચોલી — દોઢ દિવસ

શ્રી ભરતભાઇ ગણપતભાઇ પંચોલી — દોઢ દિવસ

શ્રી જનકભાઇ શાંતીલાલ પંચોલી — દશ દિવસ

**મુંબઈ** - દોઢ દિવસ

શ્રીમતિ ચેતના અને મહેન્દ્ર ચુનીલાલ મિસ્ત્રી-મુંબઇ

શ્રીમતિ ગીતાબેન અને જતીનભાઇ નગીનલાલ મિસ્ત્રી-ખેતવાડી

નારીરત્ન મા. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી

શ્રીમતિ કૃપા અને શ્રી આશિષ હરીશભાઇ પંચોલી-અંધેરી

શ્રીમતિ જયોતિબેન અને શ્રી મિતેષ શાંતિલાલ પંચોલી-અંધેરી

શ્રીમતિ વંદનાબેન અને શ્રી મયંક ઠાકોરભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ

શ્રીમતિ અનિતાબેન અને શ્રી યોગેશ હરગોવિંદદાસ મિસ્ત્રી -કાંદીવલી

શ્રીમતિ અપેક્ષા અને શ્રી ફાગુન કાંતિલાલઇ પંચોલી-કાંદીવલી

શ્રીમતિ અનિતા અને શ્રી દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલી-કાંદીવલી

શ્રીમતિ પ્રતિમાબેન અને શ્રી જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી - બોરીવલી

શ્રીમતિ લીના અને શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ

શ્રીમતિ નીતાબેન અને શ્રી દિપકભાઇ ચુનીલાલ મિસ્ત્રી-વસઇ

શ્રીમતિ પ્રતિમાબેન અને શ્રી ઉમેશચંદ્ર હરકીશનદાસ મિસ્ત્રી-વિરાર

શ્રીમતિ વિજયાબેન અને શ્રી પરેશભાઇ ચંદ્રકાંત પંચોલી-શાંતાક્રુઝ પાંચ દિવસ

શ્રીમતિ સપના અને શ્રી સનત ધનસુખભાઇ પંચોલી-બોરીવલી ત્રણ દિવસ

શ્રીમતિ આરતીબેન અને શ્રી કિશોરભાઇ જમનાદાસ મિસ્ત્રી-મીરારોડ પાંચ દિવસ

શ્રીમતિ મધુબેન અને શ્રી જગદીશકુમાર ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ પાંચ દિવસ

## પંચોલી સેવા સમાજ - ચલામલી



સ્વ. હાર્દિક ભગુભાઇ પંચોલીનું તા. ૨૦.૦૯.૨૦૧૫ના રોજ આકસ્મિક અવસાન થતા સમગ્ર ચલામલી એકમના સભ્યો ઘેરા શોકની લાગણી અનુભવે છે..

નવયુવાન પુત્રનું અવસાન ઘરના દરેક સદસ્યોને ખૂબ જ આઘાતજનક હોય છે.. છતાં એવી વિકટ પરિથિતિમાં નિર્ણય લઇ સદ્ગતના ચક્ષુદાન કરી પરમાર્થનું કાર્ય કોઇક જ કરી શકે.. પ્રમુખશ્રી ભગુભાઇ તથા તેમના પરિવારે કરેલ આ ઉમદાકાર્ય માટે સૌ ગર્વ લે છે... અનુકરણિય કાર્ય કર્યુ છે... ચલામલી એકમના સભ્યો હાર્દિકના આત્માને પ્રભુ શાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આઘાતને પ્રભુ સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના.. યાચે છે.

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા
'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c
પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
**014710003655 IFSC code Bkdn 0210147**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

નવયુગ શુભચિંતક — સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી — તેજગઢ — સ્વ. ચીમનભાઇ પરસોત્તમદાસ પંચોલી — જબુગામ

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત સમાજ સુરક્ષા યોજનાની બીજી સામાન્ય સભા સુરત મુકામે **તા. ૧૩.૧૨.૨૦૧૫ને રવિવારના** રોજ **સવારે ૧૦ કલાકે** મળશે.

સ્થળ : **ગોપીપુરા પંચોલી સમાજની વાડી** પંચોલી શેરી, બાવા સીદીનો ટેકરો, સુરત

આ મિટિંગમાં દરેક ઘરેથી ફકત એક જ સભ્યને હાજર રહેવા વિનંતી. આ સભામાં ઘણાં સમયથી ઉદ્ભવતા પ્રશ્નો અંગે અગત્યના નિર્ણય લેવામાં આવશે. જે નિર્ણય લેવામાં આવશે તે દરેક સભ્યોને બંધનકર્તા રહેશે. આ બાબતે પાછળથી કોઇ તકરાર રહેશે નહીં..

એજન્ડા (૧) નવા સભ્યો બનાવવા બાબત ચર્ચા.
(૨) સમાજ સુરક્ષા વળતર ચુકવવા બાબતની ચર્ચા.
(૩) જુના વારસદારમાં ફેરફાર કરવા માંગતા હોય તો તે અંગે ચર્ચા.
(૪) આંતરજ્ઞાતિય લગ્ન કરનાર છોકરીના સામા પક્ષ અંગે ચર્ચા.

તો દરેક એકમના યોજનાના સભ્યોને હાજર રહેવા વિનંતિ. દરેક એકમના પ્રમુખ/મંત્રી તથા ફાળો ઉઘરાવનાર સભ્યને અચુક હાજર રહેવા રહેવા વિનંતી છે....

દરેક ઘરના સભ્ય વ્યકિતએ પોતાની વિગત આપવા વિનંતી.

| | સભ્યનું નામ | સભ્ય નંબર | વારસદાર |
|---|---|---|---|
| ૧ | ................................... | ........................................ | ............................. |
| ૧ | ................................... | ........................................ | ............................. |
| ૧ | ................................... | ........................................ | ............................. |
| ૧ | ................................... | ........................................ | ............................. |
| ૧ | ................................... | ........................................ | ............................. |

સભામાં હાજર રહેતા સભ્ય વ્યકિતનું નામ : ....................................................................

સહી : ....................................................................

મોબાઇલ નંબર : ....................................................................

આ ફોર્મ સમાજ સુરક્ષા યોજનાના મંત્રીશ્રી નવીનભાઇ સી. પંચોલી-વ્યારા અથવા સહમંત્રી રાજેશભાઇ પી. ગાંધી-સુરત ને મોકલવા વિનંતી

નોંધ : સભામાં હાજર ન રહેનાર સભ્યને પણ ફોર્મ ભરીને મોકલવા વિનંતી.

દરેક એકમના પ્રમુખ/મંત્રીશ્રીને ફોર્મ ભરીને આપશો તો પણ ચાલશે. પ્રમુખ/મંત્રીશ્રીએ આ ફોર્મ ભેગા કરીને વ્યારા અથવા સુરત મોકલવા વિનંતી.....

**નોંધ** પાછળ આપેલ સંમતિ પત્ર અવશ્ય ભરવું.

## ફોર્મ મોકલવાનું સ્થળ

**મંત્રી : શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨ મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૬

**સહમંત્રી : રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો.: ૯૮૨૫૨ ૧૩૦૯૨

## પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના

રજી. નં.: A/1822/ભરૂચ

# સંમતિ પત્ર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત સમાજ સુરક્ષા યોજના માં મારા કુટુંબમાં જોડાયેલા સભ્યોની વિગત નીચે મુજબ છે... મારા ઘરના સભ્ય વ્યક્તિએ પોતાની વિગત નીચે મુજબ આપવામાં આવી છે...

| | સભ્યનું નામ | સભ્યનંબર | વારસદાર |
|---|---|---|---|
| ૧ | .................................... | .......................... | .......................... |
| ૨ | .................................... | .......................... | .......................... |
| ૩ | .................................... | .......................... | .......................... |
| ૪ | .................................... | .......................... | .......................... |
| ૫ | .................................... | .......................... | .......................... |
| ૬ | .................................... | .......................... | .......................... |

અમારા કુટુંબ માંથી સુરત મુકામે યોજાનાર સમાજ સરક્ષા યોજનાની મિટિંગમાં

શ્રી / શ્રીમતિ .................................................................... હાજર રહેશે.

આ સભામાં જે કંઇ પણ નિર્ણયો લેવામાં આવશે તે અમારા સૌ સભ્યોને મંજુર રહેશે. આ અંગે પાછળથી કોઇ ચર્ચાને અવકાશ રહેશે નહીં.

સહી : ............................................................

મોબાઇલ નંબર : ............................................................

**નોંધ : આ સંમતિ પત્ર આપના એકમના પ્રમુખ/મંત્રી કે રીપ્રેજન્ટેટીવ ને આપશો. અથવા આસ જેમને વાર્ષિક ફાળો આપ્યો હોય તેમને પહોંચાડશો.....**

નવયુગ શુભચિંતક શ્રી નરેન્દ્રભાઈ નારણદાસ પંચોલી રાજપીપળા સ્વ. યોગેશભાઈ બાબુભાઈ પંચોલી રાજપીપળા

# દિપોત્સવી અંક - ૨૦૧૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ | ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ | ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ | ૧,૮૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ | ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ | ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ | ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ | ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ | ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (એક ફોટા વગર કે સાથે) | ₹ | ૪૦૦/- | | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર કરેલ જાહેરાતના રૂા............ ☑ રોકડા/ડ્રાફ્ટ/આંગડીયા દ્વારા મોકલ્યા છે. **(ડ્રાફ્ટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** *A/c* **પંચોલી નવયુગના નામનો મોકલવો. (ડ્રાફ્ટ માટે** *- Payble at Ankleshwar)*

('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **01471000 3655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..............................................................................

(૨)........................................ (૩) ........................................

(૪)........................................ (૫) ........................................

(૬)........................................ (૭) ........................................

(૮)........................................ (૯) ........................................

સરનામુ : ..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

પીન ................................ ફોન : (ઘર)............................(ઓ)................................

મોબાઈલ ..............................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૧૫.૧૦.૨૦૧૫ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

નવયુગ શુભચિંતક શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ શ્રી વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૫ ૮૨૭૮૯

# સમાજની દીકરીઓને નમ્ર અરજ.......

આંતરજ્ઞાતિય લગ્ન એ આપણાં સમાજનો જ નહીં પણ બધા જ સમાજનો સળગતો પ્રશ્ન છે. મને યાદ છે તે મુજબ ૫૦ વર્ષ પહેલાં નવસારી અધિવેશનમાં આંતરજ્ઞાતિય લગ્નના સમાચાર નવયુગમાં છાપવા બદલ નવયુગના તંત્રી પાસે માફી મંગાવવાની ઉગ્ર ચર્ચા થઇ હતી. એજ અધિવેશનમાં સમાજના આંતરજ્ઞાતિય લગ્ન કરેલ દંપતિનો પ્રવેશ અટકાવાયો હતો.. ત્યારબાદ નર્મદા અને તાપીમાં ઘણાં પાણી વહી ગયાં ધીમે ધીમે આપણે આપણાં સમાજના યુવક આંતર જ્ઞાતિય લગ્ન કરે તો સ્વીકાર્ય બન્યું અને હવે આપણાં સમાજની દીકરીઓ પણ આંતરજ્ઞાતિય લગ્ન કરે તો સ્વીકારવાની ચર્ચા સર્વત્ર થઇ રહી છે. આ બધી ચર્ચાઓમાં ભાગ લેનાર વ્યકિતઓ એવી છે જેમણે આંતર જ્ઞાતિય લગ્ન કરેલ દીકરીના માતા-પિતાની વેદના જાણી નથી. કે અનુભવી નથી.

હું બે સત્ય પ્રસંગો જણાવવાની રજા લઉં છું... વડોદરામાં વસતા મારા મિત્રની દીકરીએ HSCમાં વડોદરા સેન્ટરમાં ચોથો નંબર મેળવ્યો હતો. અને MBBSમાં સહેલાઇથી એડમીશન મળી ગયું અને જોત જોતામાં MBBSની ડીગ્રી પણ પ્રાપ્ત કરી લીધી. ઇન્ટરશીપ દરમ્યાન પુત્રીએ મમ્મી-પપ્પાને જણાવ્યું કે મે જીવનસાથી તરીકે મારી સાથે ભણતા ડોકટરને પસંદ કરી લીધો છે. તે ખુબ જ હોંશીયાર અને દેખાવડા છે ઘરના સભ્યો પણ બધા સારા સ્વભાવના છે.. પણ... પણ... તે મુસ્લીમ છે.. માતા-પિતાના હૃદય પર વિજળી ત્રાટકી.. સમજાવવાના... મનાવવાના.. સગાવ્હાલાઓના અને મિત્રોના બધા જ પ્રયત્નો ચાલુ રહ્યાં પરંતું દીકરીએ એનો નિર્ણય ન જ બદલ્યો... અંતે લગ્નનો દિવસ આવી પહોંચ્યો. પપ્પા-મમ્મી, સગાવ્હાલાઓને આમંત્રણ અપાયા.. પણ સૌએ લગ્નમાં હાજર રહેવાની ચોકખી ના પાડી દીધી. સગા ભાઇએ પણ ઇન્કાર કરી દીધો. અંતે મમ્મી-પપ્પાએ હૃદય પર પથ્થર રાખી લગ્નમાં આશીર્વાદ આપવા હાજર રહ્યાં. તે લગ્નના ૮ થી ૧૦ કલાક માતા-પિતાએ અન્ય કોમના જ્ઞાતિજનો વચ્ચે કઇ રીતે પસાર કર્યા હશે તે બુરખામાં રહેલી પુત્રીને કયાંથી અનુભવાય ??????

બીજો સત્ય પ્રસંગ... મારા બીજા મિત્રની પુત્રીએ B.A.LLBનો કોર્ષ કર્યો હતો. ચુસ્ત ધાર્મિક સંસ્કાર મળ્યા હતા. સમાજમાં કરાતા વિવિધ તપ વિવિધ સાધનોઓ પણ કરેલી...રીંગ સેરેમની ધામધૂમથી ઉજવાઇ... લગ્ન નકકી થયા.. કંકોત્રીઓથી સગા-સબંધીઓને આમંત્રણો પણ અપાય ગયા... લગ્નને આગલે દિવસે સગાનો ફોન આવ્યો કે લગ્ન કેન્સલ રાખ્યા છે.. દીકરી લઘુમતી કોમના બરફગોળાવાળા સાથે ભાગી ગઇ છે.. આ સમાચાર સાંભળી મને પણ આંચકો લાગ્યો... તો એમના માતા-પિતા અને કુટુંબીજનો પર શું વીતી હશે ?

ઉપરોકત બે સત્ય પ્રસંગો પછી મારી સમાજની દીકરીઓને નમ્ર વિનંતી છે કે મમ્મી-પપ્પા અથવા સગાવ્હાલાઓ તરફથી માગા આવવાના શરૂ થાય ત્યારે જો તમે કોઇના પ્રેમમાં હોય અથવા જીવનશાથી પસંદ કર્યો હોય અને નિર્ણય પણ લઇ લીધો હોય તો સ્પષ્ટ પણે હિંમતપૂર્વક મમ્મી-પપ્પાને જણાવી દો.. આપણા સમાજના છોકરા સાથે ત્રણ-ચાર મિટિંગો ગોઠવાય પછી ના પાડો તે પણ યોગ્ય નથી.. આપ અવઢવમાં ન રહેશો..રીંગ સેરેમનીના ફંકશન પછી કહો કે મને નથી ફાવતું, લગ્નની કંકોત્રી વહેચાય ગયા બાદ ભાગી જવાનો નિર્ણય લેવાનું ભુલેચુકે વિચારશો નહીં...આપના આ નિર્ણયથી આપના મમ્મી પપ્પાના દિલ પર વજ્રઘાત થાય છે... તેઓ બીજા સામે આંખો નથી મીલાવી શકતા.કેટલા મહિનાઓ સુધી ઘરની બહાર કે ફંકશનમાં નથી જઇ શકતા. તમારા પછીના ભાઇ-બહેનની સગાઇ માટે પડતી તકલીફો.... આ અંગે આપે કોઇવાર વિચાર કર્યો છે ?

સારી સ્કૂલમાં એડમીશન, સારા ટયુશનો, મનપસંદ ડ્રેસો, મનપસંદ ટુ વ્હીલર, તથા કરકસર કરીને તમારી પાછળ જાન રેડી દેતા તમારા માતા-પિતાની લાગણીઓનો વિચાર કર્યો છે ખરો ?

જ્ઞાતિજનો વિચારવાનો સમય આવી ગયો છે.. દીકરી ઉંમરલાયક થાય, માંગુ આવે, તારીખો ગોઠવાય અને મુલાકાતો યોજાય. વડિલોની હાજરીમાં ચા-નાસ્તાઓ થાય. પછી એકાંતમાં બન્ને યુવાનો ૧૦ થી ૧૫ મિનિટ વાતો કરવા ફાળવવામાં આવે, મુલાકાત પતે એટલે સૌ સગા સબંધી પુછવા માંડે પસંદ છે ??? શું આ પધ્ધતિ યોગ્ય છે ???

દરેક દીકરીઓને વિનંતિ કે સમાજના યુવકને પ્રથમ પસંદગી આપો. ભણતર, દેખાવ, ઉંચાઇ જેવા બધા ફેકટરો બંધબેસતા હર હંમેશ નથી હોતા. થોડી બાંધછોડ કરીને જ્ઞાતિના યુવકને પ્રથમ પસંદગી આપો. આપણાં સમાજમાં હવે આંતરજ્ઞાતિય લગ્ન નો બાધ ધીરે ધીરે ઓછો થતો જાય છે ત્યારે સૌ દીકરીઓને વિનંતિ કે આપ ન છૂટકે બીજી જ્ઞાતિનું

નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી હ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી હ્યારા

પાત્રને પસંદ કરો તો એવું પાત્ર પસંદ કરો કે આપના માતા-પિતા ગૌરવ અનુભવે, ખુશી ખુશીથી અન્યને જમાઇનો પરિચય કરાવી શકે કે મારા જમાઇ આ કંપનીમાં મેનેજર છે, બેંકમાં ઉંચો હોદ્દો ધરાવે છે. એવું પાત્ર ન પસંદ કરશો કે માતા પિતા શરમ અનુભવે... આટલી વિનંતી તો જરૂરથી અમલ કરશો.. અને લઘુમતી કોમના જીવનસાથી તો કદાપી પસંદ કરશો નહીં. તેઓ દ્વારા હિંદુ યુવતીને લાલચ, ભેટ આપી ધર્મ પરિવર્તનનું ષડયંત્ર ચાલે છે. આથી આવી ભુલ કદાપી કરશો નહી... અને માતા-પિતાના કાળજાને, લાગણીને કઠોર બની ઠેસ પહોંચાડશો નહી...એવી દર્દ ભરી વિનંતી છે..

**નોંધ : દરેક માતા-પિતાને નમ્ર અરજ કે આ લેખ આપની દીકરીને આગ્રહ કરીને વંચાવશો... આપના સુચનો અને અભિપ્રાયો જણાવશો....**

## રસોડું....... કિચન

ઘરમાં બેડરૂમ ન હોય તો ચાલે, પણ રસોડું અનિવાર્ય છે. સ્ત્રીની આંખમાં એ આખુ સમાય જાય. કઇ વસ્તુ કયાં મુકી છે એ એમના મેમરી કાર્ડ માં આબાદ સેવ થઇ જાય છે. ઘરના અન્ય રૂમ કરતાં નાનું એવું રસોડું સ્ત્રીની જીંદગીમાં મોટો ભાગ ભજવે છે. મોટા ભાગની જીંદગી રસોડામાં વીતી જાય છે. અહીં સૂરજ વહેલો ઉગી જાય છે પણ સૂર્યાસ્તનો સમય નિશ્ચિત હોતો નથી. રસોઇની પૂર્વ તૈયારીથી લઇને ભોજન પછી આટોપવા સુધીની પ્રક્રિયા ખરેખર તો પાકશાસ્ત્રની સાથે થાકશાસ્ત્ર આપતું જાય છે. સ્કોચબ્રાઇટથી વાસણને ચકચકિત રાખતી મમ્મી યા પત્નીના ના હાથ કયારે ચમક ગુમાવી બેસે છે એની ખબર નથી પડતી.

સંયુકત કુટુંબમાં તો રસોડું ધમધમતા કારખાનાની જેમ ચાલુ જ હોય છે. આજે શહેરી જીવનમાં પતી-પત્ની બન્ને જોબ કરતા હોય એવી સ્થિતીમાં મળસ્કે કૂકડાની કૂકને બદલે કુકરની સીટી સંભળાય છે.

મમ્મીની જીંદગી ગઝબની હોય છે એનું અસ્તિત્વ ચમત્કારથી કમ નથી. ન જાણે કઇ શકિત ઇશ્વરે માતૃત્વમાં મુકી છે જે ઢસરડાને આનંદમાં ફેરવી શકે છે. અને વૈતરાને વાત્સલ્ય બનાવી દે છે. સવારે ઉઠીને પતિનું ટીફીન તૈયાર કરવાનું, નાસ્તાના ટેબલમાં રોજ રોજ શું મુકવાનું એની પ્રશ્નસંહિતા ઉકેલી બાળકો સ્કૂલેથી આવે એટલે ગરમાગરમ રસોઇ તૈયાર રાખવાની. આમ ફુલ ટાઇમ જોબ કરતાં પણ વિશેષ આકરું કામ મમ્મીનું છે. ચુલા પર પેટાતો અગ્નિ મમ્મીના કેટલાય વર્ષો શેકી નાંખે છે એની કોઇનું ખબર પડતી નથી. એક માત્ર રસોડું જ એની સાક્ષી હોય છે..

યાદ કરો પહેલાનાં દિવસો...પથ્થર પર કોથમીરની ચટણી વાટીને દુ:ખી જતા હાથ, ખાયણી દસ્તાથી સીઝનમાં મસાલા વાટીને વ્યવસ્થિત સંગ્રહ કરવાની કળા, અને એમાં મરચા વાટતા આંખમાં ન ઉડે એની પણ કાળજી લેવાની. પ્રાયમસને પીન મારી.. પંપ મારી મારીને મમ્મીએ કેટલી ઇચ્છાઓને આપણી જાણ બહાર મારી નાંખી હોય છે. બેઠા ઘાટના રસોડામાં વારંવાર નીચે ઉઠબેસ કરવાની મજબુરીને કસરતનું રૂપાળુ નામ આપવામાં આવતું. ધન્ય છે આજની મમ્મીઓને જેમના નસીબમાં સ્ટેન્ડીંગ કિચન, ગેશ-ચીમની, મીક્ષરમશીન, માઇક્રોવેવની ભેટ મળી છે.. સવારની રસોડે જોતરાઇ જતી માને કેટલીયે વાર શાંતીથી બેસીને જમવાનું પણ સદ્ભાગ્ય પ્રાપ્ત નથી થતું.

'સવારે ને સાંજે સુની બાની આંખે,
ધુમાડો બની રહે છે રસોડું
બધા ઓરડાઓ ઉઘાડી,
અધુરૂ પધુરૂ સુએ છે રસોડું.......'

સાભાર : હિતેન આનંદપુરા



## આંખોના શણગાર......આંસુ

આ માણસને એવું ય કરવું પડે છે,
કોઇના જુએ એમ રડવું પડે છે....

આંસુ આંખની ભાષા છે. જયાં વાણી ઓછી પડે ત્યાં આંખના પાણી વહારે આવે છે. ભગવાનની મૂર્તિ જુઓ ગમે એટલો શણગાર હશે, સુંદર વાઘા હશે પણ આપણી સાથે વાતો તો આંખો જ કરશે..

રડવાની કળા જેટલી સ્ત્રીને હસ્તગત છે એટલી પુરુષોને નથી. ટીવી સિરીયલોનો ધમધોકાર ધંધો આ આંસુના પ્રતાપના જોરે જ ચાલે છે.. જેમ ઉત્થા... સાથે ... સાબિત થતું નથી, એમ ચોધાર આંસુએ રડવાથી આંખની પ્રમાણિકતા સિદ્ધ થતી નથી.

આંસુ લાચારીના હોય તો જીવ કકળે, આંસુ સહાનુભુતિના હોય તો જીવ મળે, આંસુ ખોટી માંગણી મંજુર કરાવવા માટે હોય તો ખટકે, હર્ષનાં આંસુ સ્મિતની બરોબરી કરી શકે છે. સ્વભાવ કઠોર હોય તો પણ દીકરી વિદાયની ક્ષણોમાં બાપની આંખના આંસુ વાત્સલ્યનો અભિષેક છે. તાજા પરણેલા રંગરસીયા અને રંગરસીલી છુટા પડતા હોય ત્યારે ટ્રેનને પણ આંસુ જુઇ રોકાવાનું મન થઇ જાય છે.

સ્વ. શાંતિલાલ વનમાળીદાસ પંચોલી વ્યારા શ્રી હેમંતકુમાર રમણીકલાલ ગાંધી વ્યારા

આંગળીના ટેરવા પર ઝિલાયેલા આંસુ ટીપાની મહત્તા ત્યારે વધી જાય છે જયારે એ આંગળી બીજાની હોય. કોઇના પાલવથી લુંછાતા આંસુ બાંયો પર લુંછાતા આંસુ કરતા થોડા વધારે નસીબદાર હોય છે.

જે આંખને આંસુનો પરિચય હોય, પણ અનુભવ ન હોય તો હાસ્યસ્પદ ગણાય, કારણ હોય ત્યારે ન રડીએ એ ચર્ચાસ્પદ બને, આંસુને કોઇ રંગનથી હોતો છતાં એમાં વેદનાનો રંગ ઘોળાઇને આવતા હોય છે. મૃત્યુ સમીપ આવે ત્યારે થયેલો પ્રશ્ચાતાપ જેટલો આંસુમાં વ્યકત થાય છે એટલો વિલમાં નથી થઇ શકતો. સાભાર : હિતેન આનંદપુરા

## સ્કૂલોમાં થીજેલું બાળપણ

જૂન મહિનો આવે એટલે વેકેશન બંધ થાય અને સ્કૂલો ખુલે. શાળાના સંસ્મરણો આપણી મિલકત છે.. પણ આજના બાળકો એની મીઠાસ માણી શકશે ખરા ? શૈશવ છીનવી લેતા વિલન (૧) સમય, જેને આપણે રોકી શકતા નથી. (૨) અપેક્ષા, જે મા-બાપ લાદે છે. (૩) સ્કૂલ જે ચાલી આવતી પ્રણાલીનું રૂપાળુ નામ છે. શિક્ષણનો વિરોધ કયારેય ન હોય, પણ વિરોધ શિક્ષણને કારણે ભીસાતી શૈશવની ક્ષણનો છે..

અડધી ચડ્ડી પહેરેલા વહાલા ટાબરીયા અને માથે રીબીન બાંધેલી બેનબાઓ શાળાનો બેલ વાગે ત્યારે સ..ન..ન.. કરતાં છુટે ત્યારે જે આનંદ તેમના ચહેરા પર હોય છે, એ ભણતી વખતે કેમ નથી દેખાતો ?

કેઉઢ અને નર્સરીના બાળકોને હજી તો ઠાકોરજીની મંગળા થઇ હોય તે પહેલા ઉઠાડી દેવા પડે છે. મંગળાથી શયન સુધી વિસ્તરતું શિક્ષણ શિસ્ત માટે છે, સંસ્કારો માટે નહીં. મુડી માટે છે, મૂલ્યો માટે નહી.

ગરમીમાં યુનિફોર્મ ઉપર ફરજીયાત પહેરવી પડતી ટાઇ એ ખરેખર તો ભારતની આઝાદીનું અપમાન છે. પ્રસંગોપાત અત્યાચાર હજી સહી શકાય છે પણ રોજીંદી ગુંગળામણની ફરીયાદ બાળક કયાં જઇને કરે ?

મમતાનું રૂપ ગણાતી દરેક મમ્મીઓ જાણતાં અજાણતાં પોતાના બાળક પર ટોર્ચર કરતી હોય છે. મમ્મી માટે જયારે માર્કસ જ ભગવાન બની જાય ત્યારે બાળક શું કરે ???

ભુગોળના અંતરો, ગણિતના સુત્રો યાદ રાખવા જે ગોખા ગોખી કરી હતી તે ચા બનાવવામાં કામ આવે ખરી ? કોમર્સના ફસ્ટ કલાસમાં ગ્રેજયુએટ થનાર વિદ્યાર્થીને બેંકની સ્લીપબુક ભરવાના સાસાં પડે છે... દફતરનું દાયીત્વ, લેસનનું ટેન્સન અને હોમવર્કનો હાઉ લઇને જીવતું બાળક ખરેખર દયનિય છે.

શિક્ષકવિદ્દોના કેટલાંક સુચનો કરવા છે....

♦ શું સ્કૂલમાં એક એવો પિરિયડ રાખી શકાય કે જેમાં બાળકો લખોટી, ગીલ્લીદંડા કે ભમરડો રમી શકે....

♦ બાળકોને કોઇપણ એક વાજીંત્ર તબલા, હારમોનિયમ, માઉથઓર્ગન કે વાંસળી શીખવવાનો વિકલ્પ મળી શકે ??

ડિસ્કવરી, હિસ્ટરી, નેશનલ જયોગ્રોફી જેવી ચેનલ અઠવાડિયામાં એકાદ પિરિયડમાં ન બતાવી શકાય ????

♦ બટન ટાંકવાનું, રોટલી બનાવવાનું કે ચા બનાવવાનું ન શીખવી શકાય ? માટીનાં રમકડા બનાવવાનું, માટીમાં બીજ રોપાવવાનું, છોડ ઉછેરવાનું ન શીખવી શકાય ? ગુરૂકુળ પદ્ધતિ કે શાંતિનિકેતન પ્રકારની વ્યવસ્થા સ્વીકારવાની હિંમત મા-બાપમાં નથી હોતી.

શૈશવના શબને જીવતું જાગતું ફરતા જોવાનું દુઃખ આંખોમાં બહુ બહુ તોઆંસુ લાવી શકે, પણ ક્રાંતિ નહીં.. એટલે એક શોર્ટકટ કહું બાળકને એક વર્ષ ભણવા મોડું મુકો. સજા ઓછી નહીં થાય પણ સજાની તીવ્રતા જરૂર ઓછી થશે જ......

સાભાર.... હિતેન આનંદપુરા

## કહેવત.....

શેર, શાયરના અવલોકનમાંથી જન્મે છે અને કહેવત, લોકોના અનુભવમાંથી જન્મે છે.... કહેવત ભલે નાની પણ વાત કરે મોટી. વાત વાતમાં કહેવાતી કહેવતો હવે વિસરાતા સૂર બની રહી છે ત્યારે નવા જનરેશન માટે થોડી સાંભળેલી ન સાંભળેલી કહેવતો માણીએ...જાણીએ....

- ♦ એક સાંધે ત્યાં તેર તૂટે.
- ♦ દુકાળમાં અધિક માસ
- ♦ ખાવાના સાંસા ત્યારે પરોણાના વાસા.
- ♦ જવાન હાર્યો તે જનમ હાર્યો.
- ♦ કરડે માંકણ અને માર ખાય ખાણલો.
- ♦ દિલ લગા વો સગા.
- ♦ ગઇ તિથિ બ્રાહ્મણ પણ ન વાંચે
- ♦ વેચાતો કજીયો વહોરવો નહીં.
- ♦ ચતુર કી ચાર ઘડી, મુરખ કા જન્મારા.
- ♦ ખમે તે જમે
- ♦ ધણી વિનાનાં ઢોર સુના.
- ♦ મફત ખાનારને મરડ ઘણો.
- ♦ આઘેના ને તેડ તેડ, પાસે નાને છેડ છેડ.

શ્રી અમૃતભાઇ વલ્લભભાઇ પંચોલી વ્યારા શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી વ્યારા

♦ બુંદ કી બીગડી હોજ સે સુધરે નહીં.
♦ જનોઇ એટલા બ્રાહ્મણ નહીં. ♦ ખોટો રૂપિયો ખોવાય નહીં.
♦ ખેપ હાર્યા કંઇ ભવ નથી હાર્યા..
♦ કાળ જાય પણ કલંક ન જાય.
♦ કુવાની છાયા કુવામાં જ રહે...
♦ ઘા ભેગો ઘસરકો ને લીટી ભેગો ઘસરકો
♦ નાને ભડકે દિવાળી અને મોટે ભડકે હોળી.
♦ ઝાઝા હાથ રળિયામણા
♦ અતિથિ દેવો ભવ
♦ વિના સહકાર નહી ઉદ્ધાર

# અધુરી કહાની

છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલો ધોધમાર વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. વાતાવરણમાં ભીનાશ પ્રસરી હતી. ટ્રેનની અનિયમિતતા હોવા છતાં હું (રાજેશ) ધંધાકીય કામ અંગે મુંબઇ જઇ રહ્યો હતો. આમ પણ રાત્રી સમયે ગીરદી નહીવત હતી, અને મારા એ.સી. કોચમાં તો ભાગ્યેજ ૮ થી ૧૦ પેસેંજરો હશે. સુરત સ્ટેશન આવતા ગરમાગરમ પાંવવડા અને ચાની ચુશ્કી લેવાનું રોકી ન શકયો. ગ્રીન સીગ્નલ દેખાતા ગુજરાત મેલે ધીમી ગતિ પકડી...

એક સ્વરૂપવાન યુવતી દોડતી દોડતી આવી મારા ડબ્બામાં ચડી ગઇ, હાથમાં ભારેખમ બેગ અને દોડવાથી હાંફી રહી હતી. માનવ સહજ બેગ મેં ઉપાડી લીધી અને સીટનો નંબર પુછતા એનો સીટનંબર મારી સીટની સામે જ હતો. સામેની સીટ પર સ્થાન લીધાબાદ ઔપચારિક વાતચીતમાં તેણે એનું નામ સુહાસીની બતાવ્યું અને બોરીવલી એમના સગાને ત્યાં લગ્નમાં જઇ રહી છે.. એમ જણાવ્યું.. એનો પહેરવેશ, શણગાર અને હાવભાવ જોતા મને એની વર્તણુંક શંકાસ્પદ લાગવા માંડી.

થોડીવારમાં તેણે મારી સીટની બાજુમાં સ્થાન જમાવી લીધું. એના પરફ્યુમની માદક સુગંધથી મારી આંખ ઘેરાવા લાગી. વલસાડ સ્ટેશન આવવાની તૈયારીમાં હતું એટલામાં કોચમાં ધડાધડ.. ધડાધડ કોઇ દોડતું હોય એવું સંભળાયું. ગુંડા જેવી લાગતી બેવ્યકિતઓ અમારી સામે આવી ઉભી રહી.

સનનન... સનનન... અવાજ સાથે તેમની રીવોલ્વરમાંથી ૩ ગોળી સુહાસીનીના શરીમાં ધરબી દઇ, રીવોલ્વર કોચમાં નાખી બેગ લઇ ભાગી ગયા...

સુહાસીની લોહીલુહાણ હાલતમાં સીટ પર પડી ગઇ. હું ગભરાયો, પરસેવે રેબઝેબ થઇ ગયો. અને શું કરવું તે વિચારું એ પહેલા બે રેલ્વે પોલીસ દંડા લઇ દોડતા આવી ગયા... અહીંથી જ ગોળીનો અવાજ આવ્યો છે.. સુહાસીનીની લોહીલુહાણ લાશ, રીવોલ્વર જોઇને મારી સામે શંકાની નજરે જોવા લાગ્યા. પુછપરછ આદરી, મે સત્ય હકીકત જણાવી પણ તેઓ કંઇપણ માનવા તૈયાર ન હતાં. વલસાડ સ્ટેશને ટ્રેન ઉભી રહેતા મને હાથકડી પહેરાવી દીધી. સુહાસીનીની લાશ પોસ્ટમોર્ટમ માટે લઇ ગયા અને મને વલસાડ પોલીસ સ્ટેશનના લોકઅપમાં મુકી દીધો.........

## આગળ..........

**રહસ્ય...**

**પ્રથમ વિજેતા : માનસી નિલેશભાઈ પંચોલી-અંકલેશ્વર**

રાજેશે લોકઅપમાંથી ભાઇને ફોન કરી વિગત જણાવી. વિગત સાંભળી ભાઇ તરત જ ખ્યાતનામ વકીલ મીસ રજનીને લઇ કોર્ટ શરૂ થતાં પહેલાં આવી પહોંચ્યા. અને પ્રાથમિક વિધિ પતાવી મને જામીન પર છોડાવી ગયા.

ત્યારબાદ પોલીસ પણ સક્રિય બની. પોસ્ટમોર્ટમ વખતે તપાસ કરતા સુહાસીનીનો I Card અને પર્સમાંથી મોબાઇલ ફોન મળ્યો. વકિલશ્રી રજની અને પોલીસે મળી સુહાસીનીના ઘરનો પતો મેળવી લીધો. અને છેલ્લા અઠવાડિયાના ફોન કોલ્સની વિગતો મેળવી લીધી.

સુહાસીની, એક ચેનલની રીપોર્ટર હતી. સમાચાર પત્રમાં અને ચેનલોમાં સનસનાટી ભર્યા સમાચારો રજુ કરવામાં ખ્યાતનામ હતી. ફોન-કોલ્સના રીપોર્ટને આધારે એક વિરોધપક્ષના નેતાના ફોન વારંવાર આવતા હતાં. આથી પોલીસ નેતાના ઘરે પહોંચી અને તેની ધરપકડ કરી. સુહાસીનીના ઘરની જડતી લેતા તે નેતાના કૌભાંડની વિગતવાર માહિતી મળી. પરંતુ નેતાએ પોતાનો આ કૌભાંડમાં કોઇ હાથ નથી એમ જણાવ્યું. વકીલ રજનીએ ઝીણવટભરી તપાસ કરી સનસનાટીભરી માહિતી મેળવી લીધી. જેમાં નેતાએ બે હત્યારાઓને સોપારી આપી સુહાસીનીને મરાવી નાંખી હતી. તે વિગતો કોર્ટમાં રજુ કરતાં બન્ને હત્યારાની ધરપકડ કરી અને ધમકી આપતા ગુનોકબુલ કર્યો હતો.. તેમને પાંચ વર્ષની અને નેતાને ૧૦ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવી અને રાજેશને બાઇજ્જત બરી કરવામાં આવ્યો....

નવયુગ શુભચિંતક સ્વ. ભીખુભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી દ્વારા સ્વ. મગનભાઈ હરીભાઈ મિસ્ત્રી દ્વારા

## વો કૌન થી ?

**દ્વિતીય વિજેતા : શ્રીમતિ શોભા કિશોરભાઈ મિસ્ત્રી –બીલીમોરા**

'ના... ના... સાહેબ, મેં કાંઈ નથી કર્યુ ? મને ખબર નથી, હું તો એમને ઓળખતો પણ નથી.. પ્લીઝ મને છોડી દો... પ્લીઝ' સુહાસીનીએ રાજેશને ઢંઢોળતા કહ્યું અરે ! અરે! શું થયું તમને ? કેમ આટલા ગભરાયેલા લાગો છો ?' પરસેવેં રેબઝેબ રાજેશ ' અરે તમે, તમે તો, તમે તો, તો પેલી લાશો કોની હતી ?' લાશ ? કોની લાશ ? કયાં છે લાશ ?' સુહાસીનીએ પ્રશ્નનો મારો ચલાવ્યો. 'ઓહ જવાદો એ સ્વપ્ન હશે ' રાજેશ બોલ્યો. સુહાસીનીએ ખભા ઉલાળી પોતાની વોટર બોટલમાંથી રાજેશને પાણી આપ્યું અનુે બન્ને આડી અવળી વાતોએ લાગ્યા. વાત વાતમાં મુંબઇ કયાં આવી ગયું ખબર જ ન પડી. બોમ્બે સેન્ટ્રલ પર આવજો આવજો કરી છુટા પડયા.

રાજેશને એક મોટા ઓર્ડર માટે મિ. ઐયરને રૂબરૂ મળવું ખુબ જરૂરી હતું. મિ. ઐયરની ઓફિસમાં પહોંચી એણે રિસેપ્શનીસ્ટને પોતાનું કાર્ડ આપી વેઈટીંગ લોન્જમાં બેસી પેપર હાથમાં લીધું. જેવી પહેલા પાના પર નજર પડી ત્યાં મોટા અક્ષરે ફોટા સાથે લખેલ હતું કે ગુજરાત મેલમાંથી મળેલ નવયુવન સ્ત્રીની એક લાશ.. પ્રથમ નજરે જોતા રાત્રે બે થી ત્રણના સમયમાં ખુન થયું હોવાની સંભાવના લાગે છે. પેપરમાં સુહાસીનીનો ફોટો જોઇને તો રાજેશ એકદમ અવાચક થઈ ગયો. તો પછી ટ્રેનમાં વાતો કરી વહેલી સવારે બોમ્બે સેન્ટ્રલ પર એણે

## નિર્દોષ ?

**તૃતીય વિજેતા : શ્રી કિશોરભાઈ એન. મિસ્ત્રી–બીલીમોરા**

પોતાની ધરપકડથી સ્તબ્ધ બનેલ રાજેશે પોલીસ ઈન્સ્પેકટરને વિનંતી કરી પોતાની નિર્દોષતા જાહેર કરવા લાગ્યો. પણ પ્રથમદર્શી પુરાવા બધા એની વિરૂદ્ધ જતા હોય ઈન્સપેકટર લાચાર બની ગયા. રાજેશ સુહાસીની સાથેની વાતો વાગોળવા લાગ્યો. પોતાની ના મરજી છતાં જબરજસ્તીથી મા-બાપે લગ્ન ગોઠવ્યા હતાં. એવું એની વાતચીતમાંથી રાજેશે તારવ્યું હતું. એણે પોલીસ ઈન્સ્પેકટરને સુહાસીની સાથે સુરતથી વલસાડ વચ્ચેના સમયમાં થયેલી વાત કહી સંભળાવી.

રાજેશ સજજનતાથી પ્રભાવિત થયેલા. પોલીસ ઈન્સ્પેકટરે રાજેશને એણે જોયેલા ગુનેયારનું વર્ણન કરવા કહ્યું. રાજેશાામ વર્ણનના આધારે ચિત્રકારે સ્કેચ દોર્યો તે જોઈ રાજેશ બોલી ઉઠયો બસ સાહેબ આજ બે ગુંડા હતાં. આ તરફ પોલીસ ઈન્સ્પેકટરે પોતાના માણસોને કામે લગાડયા અને સ્કેચના આધારે ગુન્હેગારોને શોધવાની કાર્યવાહી હાથ ધરી અને ગણતરીના કલાકોમાં જ બન્ને ગુનેગારો પકડાય ગયા. પ્રથમ તો તેઓ નામુકકર જ ગયા હતાં પણ થર્ડ ડીગ્રી અજમાવતા બન્નેએ પોતાનો ગુનો કબુલ કર્યો. સુહાસીની પરજ્ઞાતિના યુવકને પ્રેમ કરતી હતી. ઘરેથી ભાગી હતી. સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ પિતા પોતાની દીકરી બીજી જ્ઞાતિના યુવક સાથે લગ્ન કરે તે કેમ ચલાવી લેવાય ? તેથી સુહાસીનીના પિતાની મંજુરીથી જ એમણે સુહાસીનીનો પીછો કર્યો હતો અને તેને મારી નાંખી હતી. ગુન્હેગારો પકડાતાં નિર્દોષ રાજેશનો છુટકારો તયો. પણ જડ નિયમોમાં બંધાયેલો સમાજે ફરી એક નિર્દોષ યુવતીનો ભોગ લીધો તેનું શું ????

જ્ઞાતિજનો આપ પણ અધુરી કહાની પુરી કરી શકો છો... અને ઈનામના વિજેતા બની શકો છે.....
આપણી જ્ઞાતિમાં કવિઓ છે... લેખકો છે.... તો વાર્તા લખી લોકોને રસ લેતા કરવા અને નવયુગને લોકપ્રિય બનાવવા સહભાગી બનશો એવી આપ સૌને નમ્ર વિનંતી




## અભિનવ પૂર્તિ

ઓગસ્ટ, સપ્ટેમ્બર અને હવે ઓકટોબર માસમાં અભિનવ પૂર્તિ નવયુગમાં થઈ રહી છે...
આપ વાંચો છો ખરા ???? આપને ગમે છે ખરી ???
અધુરી વાર્તા પુરી કરવા પણ મગજને કસરત કરાવો અને લેખો અંગે આપના સુચનો અને અભિપ્રાયો મારા મો. નંબર : ૦૯૮૨૫૨ ૮૨૭૮૯ પર અવશ્ય મોકલશો....
હા Wat's up પર પણ મોકલી શકો છો... આપનું નામ તથા ગામનું નામ અવશ્ય લખશો.....
ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી

# સંસ્થા સમાચાર......

### શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર, મહિલા મંડળ તથા સ્વયં ગ્રુપ અંકલેશ્વર દ્વારા તા. ૧૩.૯.૧૫ના રોજ પાનોલી સ્થિત પાનોલી કાલી મંદિર(બેંગાલી)ની નાનકડી પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલે ૭૦ સભ્યોએ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો..

બે વાન અને પ્રાઇવેટ વહાનો દ્વારા મેઘના આર્કેટ ચૌટાબજારમાંથી બપોરે ૪.૦૦ કલાકે પલકનીકની શરૂઆત કરવામાં આવી હતી.. ૪.૩૦ કલાકે સૌ સ્થળ પર પહોંચ્યા હતા. સૌ પ્રથમ સર્વેએ કાલીમાતાના અને મંદિરમાં આવેલ સર્વે દેવી દેવતાઓના દર્શન કરી ભાવવિભોર બન્યા હતા..

પ્રથમ સમૂહમાં પ્રાર્થના કરી મિટિંગની શરૂઆત કરવામાં આવી હતી... ચિ. શૈલી-નિષ્ઠા અને ચિ. કિંજલ માનસીએ સુંદર ભજનો ગવડાવ્યા હતાં.. પ્રમુખશ્રી જેસલભાઇએ સૌને આવકાર્યા હતા. મહામંડળમાં ખજાનચી બોર્ડ સભ્ય તરીકે ડો. મહેશભાઇ, નવયુગ તંત્રી તરીકે દિનેશભાઇ, સહતંત્રી તરીકે ભાવનાબેન, તબીબી સેવા સંકુલમાં અધ્યક્ષ તરીકે ડો. વિસ્મયભાઇ તથા મંત્રી તરીકે પારસભાઇની વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. મંત્રીશ્રી ડો. વિસ્મયભાઇએ ગત મિટીંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.. ત્યારબાદ પ્રવાસના આયોજન અંગેની ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા વિચારણાને અંતે એક દિવસીય પ્રવાસનું આયોજન પોઇચા-સ્વામિનારાયણ મંદિર, કુબેર ભંડારી, અનસુયામાતા જેવા વિવિધ ધાર્મિ સ્થળોનો એક દિવસીય પ્રવાસનું આયોજન રવાનું જેમાં માસિક બચત યોજનાના સભ્યોને પણ સમાવવાનું નકકી કરવામાં આવ્યું તથા વિધવા બહેનો તથા ૭૫ વર્ષથી ઉપરના સીનીયર સીટીજનને ફ્રીમાં પ્રવાસ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું હતું.

નવયુગ તંત્રીશ્રી દિનેશભાઇએ દિપોત્સવી અંકની જાહેરાત માટે જ્ઞાતિજનોને અનુરોધ કરતાં સુંદર પ્રતિસાદ મળ્યો હતો અને જ્ઞાતિજનોએ જાહેરાત આપી હતી.

શ્રીમતિ નીપાબેન તથા શ્રીમતિ ખુશ્બુબેને સરપ્રાઇઝ ગેમ રમાડી તી જેમાં વિજેતાઓને કેડબરીઝ ચોકલેટ આપી નવાજ્યા હતાં... અંતમાં સમૂહમાં રાત્રીભોજન કરી ૭.૦૦ કલાકે મહાકાળીમાની આરતીનો લાભ લઇ સર્વે છુટા પડયા હતાં..

### સ્વયં ગ્રુપ - સુરત



સ્વયં ગ્રુપ સુરત તા. ૧૭.૦૯.૨૦૧૫ના રોજ ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશ સ્થાપ્ના દોઢ દિવસ માટે કરવામાં આવી હતી. આગલા દિવસે બધા સભ્યો મળીને ગણપતિ સિહાસન ડેકોરેશન કરવામાં આવ્યું હતું. સભ્યશ્રી મયંક, હિરેન અને રોડન દ્વારા ગણેશજીની મૂર્તિની સ્પોન્સરશીપ મળી હતી. ગણેશ સ્થાપ્નાના યજમાન સ્વયં ગ્રુપ પ્રમુખ તથા મહામડળના યુવા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા પંચોલી અને શ્રી પ્રતિક પંચોલી હતા. તે દિવસે સવારે દરેક મેમ્બરો સમયસર આવી ગયા હતા.... ત્યારબાદ પૂજાઅર્ચન બાદ ગણેશજીની મૂર્તિની સ્થાપના વેદોકત વિધિ અનુસાર કરવામાં આવી હતી... સાંજે સત્યનારાયણની મહાપૂજા કરવામાં આવી હતી આરતી બાદ સર્વેએ પ્રસાદ લઇ અને સમૂહભોજનમાં જોડાયા હતા. સર્વેએ લાભ લીધો હતો બીજે દિવસે બપોરે ગણપતિ વિસર્જન કુરૂક્ષેત્ર ખાતે કરવામાં આવ્યું હતું...

### સ્વયં ગ્રુપ -અંકલેશ્વર

તા. ૧૩.૦૯.૨૦૧૫ના રોજ સ્વયં ગ્રુપ દ્વારા પીકનીક તથા મિટીંગનું આયોજન પાનોલી મુકામે મહાકાળીમાતાના પ્રાંગણમાં રાખવામાં આવી. પ્રથમ પ્રમુખશ્રી ડો. વિસ્મયભાઇ મિસ્ત્રીએ સૌને આવકાર્યા. નવયુગના દિપોત્સવીઅંક માટે જ્ઞાતિબહારના વ્યકિતનો સંપર્ક કરી જાહેરાત એકત્ર કરવા અનુરોધ કરવામાં આવ્યો. દિવાળી બાદ ક્રિકેટ પ્રેકટીશ માટે એકજી થવાનું નકકી કરવામાં આવ્યું. તથા અંકલેશ્વર એકમ દ્વારા યોજાયેલ પ્રવાસમાં વધુને વધુ જ્ઞાતિજનો જોડાય અને પ્રવાસને સફળ બનાવે એવી અપીલ કરી હતી. અંતમાં ગ્રુપ દ્વારા ભોજનની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી.

નવયુગ શુભચિંતક  શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી  નવસારી  શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી  બિલીમોરા

# મહિલા સમાચાર......

**પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર**. ૧૨.૦૯.૨૦૧૫ના રોજ મહિલા મંડળની મિટિંગ જયશ્રીબેન પરેશભાઇ પંચોલી-મોદીનગરના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. પ્રથમ સમૂહ પ્રાર્થના સાથે મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ મંત્રીશ્રી મીનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. નવયુગ પોઇંટસનું વાંચન તથા ફરતી લાયબ્રેરી સંદર્ભમાં ચોપડીની અદલાબદલી કરી...

આજરોજ વાનગી સ્પર્ધા પ્રોજેક્ટ રાખવામાં આવ્યો હતો.. જેમાં ૧૧ બહેનોએ ભાગ લીધો હતો.. વાનગી મકાઇમાંથી બનાવવાની હતી. જેમાં ૧. કેતકીબેન મિસ્ત્રી, ૨. મીરાબેન મિસ્ત્રી, ૩. બીનીતાબેન પંચોલી, ૪ સોનલબેન પંચોલી વિજેતા થયા હતાં.. જજ તરીકે જલ્પાબેન શાહે સેવા આપી હતી.. જેમને સ્મૃતિભેટ આપી નવાજ્યા હતાં.

આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી નિમિત્તે ગીફ્ટ આપી શુભેચ્છાઓ આપવામાં આવી હતી. વન મિનિટ ગેમ રમ્યા જેમાં વિજેતાને ગીફ્ટ આપી નવાજ્યા હતાં.

તા. ૧૩.૯.૧૫ના રોજ પંચોલી સેવા સમાજ, મહિલા મંડળ અને સ્વયંગ્રુપના સંયુકત અનુક્રમે પીકનીક પાર્ટી પાનોલી મુકામે આવેલ કાલીમંદિર જવાનું નકકી કરવામાં આવ્યું.

રૂા. ૧૦૧/- મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી ષર્થડે નિમિત્તે તથા રૂા. ૫૧/- દેવ્યાનીબેન નિલેશભાઇ મહેતા તરફથી ભેટ મળ્યા.

આગામી મિટિંગ તા. ૩.૧૦.૨૦૧૫ના રોજ જાગૃતિબેન પંચોલી-જી.આઇ.ડી.સી. મુકામે રાખવામાં આવી છે.. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૩મીની રોજ કાલીમંદિરની પિકનીક પર ગયા હતાં. જ્યાં નીપાબેન તથા ખુશ્બુબેને સરપ્રાઇઝ ગેઇમ રમાડી હતી.. અંતમાં આરતી દર્શનનો લાભ લઇ પરત ફર્યા હતા.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૨.૯.૨૦૧૫ના રોજ નીશાબેન કિશોરભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. નીશાબેને પ્રથમ કોલ્ડ ડ્રીકસથી સ્વાગત કર્યું. મિટિંગની શરૂઆત 'ગણેશવંદના'થી કરવામાં આવી. લકી ડ્રો કરવામાં આવ્યો જેમાં નીમાબેન તથા હર્ષાબેન લકી થયા.

શ્રીમતિ શીલાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. નવયુગના પોઈંટનું વાંચન કર્યુ તથા રક્ષાબંધનના ફોટા તથા ૨૫૦ વીરપસલી તથા દિપોત્સવી અંક માટે જાહેરાત આપવા અનુરોધ કર્યો હતો.

નીશાબેને સ્પે. પ્રોજેક્ટ ગણપતિનો સ્કેચ દોરી ડેકોરેશન કરવાનો રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૧ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જજ તરીકેની સેવા શ્રીમતિ પરમેશ્વરીબેન બી. પંચોલીએ આપી હતી. જેના વિજેતા પ્રથમ નીતાબેન એચ. અને દ્વિતીય પ્રજ્ઞાબેન થયા. બીજી વન મિનિટ ગેમ રમાડી જેના વિજેતા પ્રથમ લીનાબેન તથા દ્વિતીય નીમાબેન વિનર થયા. નીશાબેને વિજેતા બહેનોને આકર્ષક ભેટો આપી નવાજ્યા.

આગામી મિટિંગ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી જેમાં મધર/ચાઇલ્ડ કેર માર્ગદર્શન.. જરૂરીઆતમંદોને કપડા વિતરણ તથા એક દિવસીય પ્રવાસ વિશે ચર્ચા વિચારણાને અંતે કપડાં વિતરણ તા. ૧૯/૨૦. ૯. ૧૫ના રોજ જવું. તથા મધર/ચાઇલ્ડ કેર માર્ગદર્શનની તારીખ સ્થળ વોટસ અપ પર જાણ કરવામાં આવશે...ફરતી લાયબ્રેરી અંતર્ગત પુસ્તકોની અદલાબદલી કરી હાઉસી રમ્યા. અંતમાં ભોજનના રસથાળનો આસ્વાદ માણી પ્રીતિબેનની આભારવિધિ બાદ એમના ઘરે મિટીંગમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું અને સૌ છુટા પડયા.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૩.૮.૧૫ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. પ્રમુખશ્રી બેલાબેને સૌને આવકાર્યા. રીટાબેન ગાંધીની સુંદર ધૂનથી મિટિંગનો શુભારંભ કર્યો. પ્રથમ સુમંતભાઇ અંબેલાલ પંચોલી તેમજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામશ્રીને શ્રદ્ધાંજલી આપવામાં આવી. આ માસમાં આવતી વર્ષગાંઠ અને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. નવયુગ પોઇંટ વાંચન પારૂલબેને કર્યુ.

અધિકમાસ નિમિત્તે ૧૦૮ તુલસીદલના પેકેટ બહેનને આપવામાં આવ્યા હતાં. વિષ્ણુસહસ્ત્ર પાઠ કરી તુલસીદલ ભગવાનને અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રાવણમાસ નિમિત્તે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ ભૂમિકા તેજશ પંચોલી, દ્વિતીય કસુમબેન શાંતિલાલ પંચોલી, તૃતીય જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી અને ચતુર્થ નંબરે પદમાબેન પ્રશાંતભાઇ પંચોલી તથા પાંચમા નંબરે રીટાબેન રાકેશભાઇ ગાંધી તથા ગીતાબેન જયેશભાઇ ગાંધી વિજેતા બન્યા.

આવતા માસની મિટિંગ તા. ૨૦.૯.૧૫ના રોજ 'શિઘ્ર

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્ર છગનલાલ પંચોલી બિલીમોરા શ્રી જનકભાઇ ત્રીભોવનદાસ પંચોલી બિલીમોરા

વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. મિટિંગના અંતે જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડનું સુંદર આયોજન કર્યુ હતું. જેમાં કૃષ્ણ ચિ. પ્રનિલ ધવલભાઇ પંચોલી તેમજ ઘણી બાલીકાઓ ગોપીકા બની આવી હતી. ચિ. પ્રનિલે મટકી ફોડીને જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

૫૦૧ શ્રીમતિ ગીતાબેન જયેશભાઇ ગાંધી-એનીવર્સરી તેમજ પરદેશગમન નિમિત્તે.
૨૦૧ મહિલા બચત યોજના
૫૧ નેહા જેનિશભાઇ પંચોલી તરફથી પુત્રી તાનિયાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.
૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી તરફથી બર્થડે નિમિત્તે
૫૦ અલકાબેન દર્શનભાઇ પંચોલી તરફથી બર્થડે નિમિત્તે.

સપ્ટેમ્બર મહિનાની મિટિંગ તા. ૨૦.૯.૧૫ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. પ્રમુખશ્રી બેલાબેને સૌને આવકાર્યા. આ માસમાં આવતી વર્ષગાંઠ અને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ હેતલબેને તથા નવયુગ પોઇંટ વાંચન પારૂલબેને કર્યુ.

આજરોજ શિઘ્ર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિર્ણાયકની સેવા આનંદીબેન ભરતભાઇ પંચોલીએ સેવા આપી હતી. સ્પર્ધાના વિજેતા પ્રથમ રીટાબેન રાકેશભાઇ ગાંધી, બીજા જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી થયા. નિર્ણાયક શ્રીમતિ આનંદીબેન તરફથી ઇનામ આપવાનું જાહેરાત કરવામાં આવી. જુના કપડાં વિતરણની જાહેરાત કરવામાં આવી.

ગણપતિ મહોત્સવ નિમિત્તે મહિલામંડળ તથા સમાજની બહેનો દ્વારા પંચોલી વાડીમાં ભજન કરવામાં આવ્યા હતાં. તેમજ તા. ૧૨.૧૦.૧૫ના રોજ સીનીયર સીટીઝનમાં સર્વ પિતૃ શ્રાદ્ધ નિમિત્તે પૂજા રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અગ્નિહોત્રી વિશે રીટાબેને સુંદર સમજ આપી. આનંદીબેને બચત યોજના શરૂ કરવા બાબત સર્વે બહેનોને વિશેષ માહિતી આપી. આગામી મિટિંગ તા. ૧૮.૧૦.૧૫ના રોજ નવરાત્રી નિમિત્તે ગરબા સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું. અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

બર્થડે નિમિત્તે
૫૦ લીનાબેન મનોજભાઇ પંચોલી
૫૦ કાંતાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી
૫૧ મનિષાબેન ઇલેશભાઇ પંચોલી
૫૧ ચિ. પ્રનિલ ધવલકુમાર પંચોલી-ડ્રોઇંગ કોમ્પીટીશનમાં વિજતા થવા બદલ

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૩.૯.૧૫ના રોજ ચંપાબેન દત્તુભાઇ પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થના તથા ભજનથી કરવામાં આવી હતી. શ્રીમતિ અર્ચનાબેન પંચોલીએ સુંદર સરળ અને સમજી શકાય એવી મૌલિક ભાષામાં મધર/ચાઇલ્ડકેર વિશે માર્ગદર્શન આપ્યું હતું.

હાઉસી તથા વન મિનિટ ગેમ રમ્યા હતાં. અને વિજેતાઓને ઇનામોથી નવાજયા હતાં. આગામી મિટીંગ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને તા. ૧૦.૧૦.૧૫ના રોજ સરોજબેન પંચોલીને ત્યાં મિટિંગ રાખવી ત્યારબાદ મિટિંગ પત્યાબાદ રાજપીપલા ગાર્ડનમાં ડબ્બા પાર્ટીનું આયોજન કરવાનું નક્કી કર્યુ. અંતમાં ભોજનને ન્યાય આપી છુટા પડયા.

૫૧ ઉષાબેન તરફથી પુત્ર આલોકની વર્ષગાંઠ નિમિત્તે.
૫૦ હિનાબેન સી. પંચોલી-બર્થડેનિમિત્તે
૫૦ રેખાબેન કે. પંચોલી-બર્થડે નિમિત્તે.

## હેપી બર્થડે....



સવ્ય ચિરાગકુમાર
મપારા-રાજપીપલા
તા. ૧૫.૧૦.૨૦૧૫



આરોહી પાર્થકુમાર
મિસ્ત્રી-સુરત(અ'વાદ)
તા. ૨૮.૦૯.૨૦૧૫



યેશા હેમંતભાઇ
પંચોલી-સુરત
તા. ૧૯.૧૦.૨૦૧૫



રાજવી હેમંતભાઇ
પંચોલી-સુરત
તા. ૨૫.૧૦.૨૦૧૫

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## પ્રેરિત
## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા
## અને
## શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ
## આયોજીત



# સમુહ લગ્ન

તા. ૩૧/૦૧/૨૦૧૬



દરેક જ્ઞાતિજનોને આનંદ સહ જણાવવાનું કે આગામી સમુહ લગ્નનું તા. ૩૧/૦૧/૨૦૧૬ ને રવિવારે વ્યારા મુકામે આયોજન કરેલ છે. જેમાં દરેક એકમના પ્રમુખ મંત્રીને વિનંતી કે આ સમુહ લગ્નમાં આપના એકમ તરફથી વધુમાં વધુ લગ્ન ઈચ્છુક વર–વધુઓને લગ્નમાં જોડાવા માટે પુરતું માર્ગદર્શન આપી આ સમુહ લગ્નમાં જોડી સમુહ લગ્નને સફળ બનાવવામાં આપનો અમુલ્ય ફાળો આપવા વિનંતી.

અત્રે સમાજનાં જ્ઞાતિજનોને યાદગીરી આપીએ કે આ અગાઉ પણ વ્યારા મુકામે ૨ સમુહ લગ્નનું સફળતા પૂર્વક આયોજન થયું હતું. પ્રથમ સમુહ લગ્નમાં ૧૧ યુગલ તથા દ્વિતીય સમુહ લગ્નમાં ૬ યુગલઓએ ભાગ લીધો હતો. સમગ્ર સમુહ લગ્નમાં તમામ વિધિઓ શાસ્ત્રોકત રીતે બ્રાહ્મણ દ્વારા કરવામાં આવી હતી.

ગત સમુહ લગ્નની સફળતા જોઈએ તો નવદંપતીઓને દાતાઓ તરફથી ૫૦ જેટલી ઘર વપરાશની વસ્તુઓ તથા ૧૦ રોકડ રકમના કવરો આપવામાં આવ્યા હતા.

આજની મોંઘવારીના જમાનામાં ખર્ચાળ લગ્નોત્સવમાંથી સમાજ રાહે થતાં આવા સમુહ લગ્ન આવકાર્ય છે. અન્ય જ્ઞાતિઓમાં તો દરવર્ષે નિયમિત રૂપે આવા સમુહ લગ્ન થાય છે. તો વ્યારા સમાજ દ્વારા યોજાનાર આ સમુહ લગ્નમાં દરેક એકમમાંથી વધુમાં વધુ યુગલો જોડાય એ આવકાર્ય છે.

<u>નોંધ</u> : સમુહ લગ્નનું આયોજન ઓછામાં ઓછા ૫ યુગલોની અરજી આવશે તો જ કરવામાં આવશે. જેથી લગ્નોત્સુક યુવક/ યુવતીઓએ વધુ માહિતી માટે નીચે જણાવેલ નંબરો પર તુરંત સંપર્ક કરવો.


રાજેશભાઈ ડી. પંચોલી
શ્રી પંચોલી સેવાસમાજ મહામંડળ
મો. – **9879547469**

હિતેશભાઈ પી. ગાંધી
શ્રી પંચોલી જ્ઞાતિસમાજ, વ્યારા
મો. – **9825213645**

સુમનભાઈ એમ. મિસ્ત્રી
શ્રી સમસ્ત પંચોલી સુથારપંચની ધર્મશાળા, ઉનાઈ.
મો.–**9724932323**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા અને શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળા, ઉનાઈ
આયોજીત

# સમુહ લગ્ન અરજી પત્રક

સમુહ લગ્ન સ્થળ : શ્રી જ.ભ.અને સા.આ.સા. હાઈસ્કુલ, વ્યારા. તા. ૩૧/૦૧/૨૦૧૬, રવિવાર

☞ <u>ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ</u> :– ૩૧/૧૨/૨૦૧૫

પ્રતિ, પ્રમુખશ્રી
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા
મહોદય,

સવિનય જણાવવાનું કે હું શ્રી.............................................................................................અમારા સંતાનના લગ્ન 'સમાજના સમુહ લગ્નોત્સવ' યોજના હેઠળ કરવા ઈચ્છા રાખું છું. આ સાથે જરૂરી માહિતી નીચે મુજબ છે. જે સત્ય છે.

૧) વર/ કન્યાનું નામ : ..............................................................................................
પિતા/વાલીનું નામ : ..............................................................................................
અને સરનામું : ..............................................................................................
૨) વર/કન્યા ની જન્મતારીખ : .................................................................. ઉંમર.........................વર્ષ
૩) વર/કન્યા પક્ષ તરફથી : ......................................................................વ્યકિત હાજર રહેશે.
૪) અન્ય વિગત : ..............................................................................................

..........................................
વર/કન્યાના પિતા/વાલીની સહી

## <u>સમુહ લગ્ન અંગેના સમાજના નિયમો</u>

૧. મંડળ તરફથી નકકી કરેલી ફી રૂા. ૫૦૦૦/– અરજીપત્રક સાથે જ ભરવાની રહેશે.
૨. સમુહ લગ્નમાં ૨૫ વ્યકિતઓને પાસ ફ્રી માં આપવામાં આવશે અને નિયત સંખ્યા કરતા વધુમાં વધુ ૨૫ વ્યકિત વધારાની લાવવાની છુટ આપવામાં આવશે. જે દર વ્યકિતદીઠ નિયત ફી રૂા. ૧૦૦/– ભરવાની રહેશે
૩. લગ્ન સમયે વર અને કન્યાપક્ષને નીચે મુજબની વસ્તુઓ સમાજ તરફથી આપવામાં આવશે. (૧) ચાંદીનું મંગલસુત્ર (૨) સ્ટીલનું બેડું (૩) પેન્ટપીસ (૪) સાડી (૫) પ્લાસ્ટીકની ખુરશી
૪. ભેટ–સોગાદ આપનારે આયોજન સમિતિનો સંપર્ક સાધી, સમિતિની સૂચના મુજબ કાર્યવાહી કરવા વિનંતી છે.
૫. સમુહલગ્ન અંગેની જરૂરિયાતો (જેવી કે લગ્નપત્રિકા નંગ–૨૫, બ્રાહ્મણ, પૂજાનો સામાન, હારતોરા વિગેરે) મંડળ તરફથી પૂરી પાડવામાં આવશે. લગ્ન પૂર્ણ વિધિસર કરવામાં આવશે.
૬. લગ્ન સમયે છોકરાની ઉંમર ૨૧ વર્ષ અને છોકરીની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ હોવી જરૂરી છે. (જન્મતારીખના પૂરાવા અરજી સાથે મોકલવાના રહેશે.)
૭. અનિવાર્ય સંજોગોવસાત્ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા સમિતિને અબાધિત રહેશે. જેમાં કોઈપણ પ્રકારની તકરાર રહેશે નહિ.
૮. સમુહ લગ્ન અંગેના નિયમો મેં વાંચ્યા છે. જે અમને બંધનકર્તા છે.

ઉમેદવારની સહી.......................................

.......................................
વર/કન્યાના પિતા/વાલીની સહી

<u>અરજીપત્રક મોકલવાનું સરનામું</u>

હિતેશભાઈ પી. ગાંધી રાયકવાડ સ્ટ્રીટ, મેઈન બજાર, વ્યારા. જી. તાપી ૩૯૪૬૫૦ મો.–૯૮૨૫૨૧૩૬૪૫

નવયુગ શુભચિંતક શ્રી નરેન્દ્રભાઈ નારણદાસ પંચોલી રાજપીપળા સ્વ. યોગેશભાઈ બાબુભાઈ પંચોલી રાજપીપળા

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૧૫૧/- સુરત નિવાસી શ્રીમતિ બિન્ની તથા સ્વપ્નીલ ધર્મેન્દ્રભાઇ પંચોલી તરફથી પુત્રી ધ્યાનીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી પ્રવિણાબેન હર્ષદભાઇ મિસ્ત્રી તરફથી ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી અશોકભાઇ જમનાદાસ ગાંધી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૩૫૫/- વ્યારા નિવાસી રામુભાઇ નાથુભાઇ પંચોલી તરફથી તા. ૧૬.૯.૧૫ના રોજ ૮૫મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૨૫/- વડોદરા નિવાસી ઇન્દુબેન એમ. પંચોલી તરફથી નવયુગ ભેટ

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી તરફથી એમની વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૫૦૧/- સુરત નિવાસી શ્રી મનોજભાઇ નવિનચંદ્ર ગજ્જર તરફથી પૌત્ર ચિ. જીહાનના જન્મની ખુશાલી નિમિત્તે..

# દેવના દિધેલ



રાજપીપલા નિવાસી મિતેશભાઇ રાજેશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'નક્ષ'નો જન્મ તા. ૨.૬.૨૦૧૫ના રોજ થયો.
માતા : નિરાલીબેન



સુરત નિવાસી સંતોષકુમાર મનોજભાઇ ગજ્જરને ત્યાં પુત્રરત્ન 'જીહાન'નો જન્મ તા. ૨૩.૯.૨૦૧૫ના રોજ થયો.
માતા : દિપ્તીબેન

મુંબઇ જામીયા મંઝીલ નિવાસી શ્રી પ્રતિક શરદચંદ્ર પંચોલીને ત્યા પુત્રરત્ન 'જૈનિશ'નો જન્મ તા. ૩૧.૦૭.૨૦૧૫ના રોજ થયો.
માતા : અમીબેન

# અનુકરણિય



લેસ્ટર નિવાસી દાદી ગં.સ્વ. નિર્મળાબેન તથા દાદા સ્વ. ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી તથા મમ્મી મીનાબેન તરફથી ચિ. અમિત ઇસ્ટ એન્ગોલિયા યુનિવર્સીટીમાં ઇકોનોમીક્ષની ડીગ્રી પ્રાપ્ત કરી તેની ખુશાલીમાં રૂા. ૧૦૦૧/- નવયુગને ભેટ મળ્યા.....
દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર...

# હેપી બર્થ ડે......



શ્રી અશોકભાઇ જમનાદાસ ગાંધી-વ્યારા
તા. ૭.૧૦.૧૫
૭૫મી વર્ષગાંઠ



શ્રીમતિ પ્રવિણાબેન હર્ષદભાઇ મિસ્ત્રી-વ્યારા
તા.
૫૦મી વર્ષગાંઠ

નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

**એવું ક્યારેય ન માનતા કે તમને જે કાંઇ મળ્યું છે તે તમારી આવડત હોંશીયારી કે ચાલાકીથી મળ્યું છે. નજર દોડાવશો તો તમારા જેવા હોંશીયાર લોકો ઘણાં દેખાશે જેમને આ બધું નથી મળ્યું.**

# જાવુ હરીના ધામમાં.....



પ્રતાપપુરા(રાજપીપલા) નિવાસી ગજેન્દ્રભાઇ ડાહ્યાભાઇ પંચોલી તા. ૧૪.૮.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા.

નવસારી નિવાસી જશવંતીબેન ઠાકોરભાઇ પંચોલી તા. ૧૮.૮.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા.



ખડસુપા નિવાસી લલીતાબેન મગનલાલ મિસ્ત્રી તા. ૨૯.૮.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા.





ચલામલી એકમના પ્રમુખ શ્રી ભગુભાઇ છીતાભાઇ પંચોલીના સુપુત્ર હાર્દિક તા. ૨૦.૯.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા...



સુરત નિવાસી શોભનાબેન કિશોરચંદ્ર પંચોલી તા. ૨૮.૦૯.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા...

મુંબઇ-અંધેરી નિવાસી ગં.સ્વ. સુશીલાબેન પ્રવિણચંદ્ર ચંપકલાલ મિસ્ત્રી તા. ૭.૮.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૨

દિવંગત આત્માઓને પ્રભુ ચિરઃશાંતિ અર્પે
એમના કુટુંબીજનો પર આવી પડેલ આકસ્મિક આઘાતને
પ્રભુ સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના....

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar - 393 002.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal. Printed at** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch. **Published** at : D-302, Subham Residency, Nr. Taluka Seva Sadan, B/h. Rajkamal Arcade, GIDC, Ankleshwar-2. **Ph. :** 02646 - 221852
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. :** 98241 71930, 98240 64282, **Email : pancholi_navyug@yahoo.com**